તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67


Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય




વર્ષ : ૪૮ અંક : ૨૫૩ જૂનાગઢ તા.૦૭-૧૦-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 253, Junagadh : Date : 07 October, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## અંબાજી નજીક લકઝરી બસ રેલીંગ સાથે અથડાતા ૪ યાત્રાળુઓનાં મોત : ૨૫ ઈજાગ્રસ્ત



અંબાજી તા. ૭

યાત્રાધામ અંબાજી નજીક ત્રિશૂલિયા ઘાટ પાસે શ્રદ્ધાળુઓથી ભરેલી લકઝરી બસને અકસ્માત નડ્યો હતો. દાંતાથી અંબાજી વચ્ચે થયેલા અકસ્માતમાં ૪ યાત્રાળુઓનાં મોત અને ૨૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ૧૫ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે પાલનપુર ખસેડાયા છે.

અંબાજી દાંતા વચ્ચે ત્રિશૂલિયા ઘાટ પાસે હનુમાન મંદિર પાસે શ્રદ્ધાળુઓથી ભરેલી લકઝરી બસનો અકસ્માત થયો હતો. લકઝરી બસ રેલિંગ સાથે ટકરાતા રેલિંગ તૂટી ગઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર બસ ડ્રાઈવરે નશો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે.

બચાવકાર્ય શરૂ કરી મુસાફરોને બસની બહાર કાઢવામાં આવી રહ્યા છે.

અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર સર્જાયેલા અકસ્માતમાં બસમાં સવાર ૨૫થી વધુ લોકોને ઈજા પહોંચી છે. પાલનપુર, દાતા, અંબાજી સહિતની એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચી છે. અંબાજીથી દાંતા તરફ આવતી બસને અકસ્માત નડ્યો છે. ખેડા જિલ્લાના કઠલાલ ગામના માઈભક્તો દર્શન કરીને પરત જતા અકસ્માતનો ભોગ બન્યા હતા. ત્યારે મુસાફરોએ જણાવ્યું હતું કે, ડ્રાઈવરે નશો કર્યો હતો અને બેદરકારી રીતે બસ હંકારતો હતો.

બસમાં સવાર કઠલાલ ગામના જીતુભાઈએ જણાવ્યું હતું કે, અમે અંબાજીથી સવારે આવી રહ્યા હતા ને અકસ્માત થયો હતો. વળાંકમાં ડ્રાઈવર કટ મારતો હતો અને અકસ્માત થયો, આમાં ડ્રાઈવરનો જ વાંક હતો. બસમાં ૫૦થી ૫૨ લોકો સવાર હતા.

## આવતીકાલે હરીયાણા અને જમ્મુ - કાશ્મીર વિધાનસભાનાં ચૂંટણી પરીણામો : સમગ્ર દેશની મીટ

### દિલ્હીમાં બેઠકોનો દોર : હરીયાણામાં કોંગ્રેસને બહુમતી મળવાની ધારણા : જમ્મુ-કાશ્મીરમાં ત્રીશંકુ વિધાનસભાની સ્થિતિનાં સંજોગો : પાંચ નિમણુંક કરાયેલ સભ્યો પાસે હુકમનું પાનુ રહેશે ?

નવી દિલ્હી તા. ૭


દેશમાં ફરી એક વખત ગરમ થયેલા રાજકીય વાતાવરણમાં એક તરફ આવતીકાલે હરીયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીનાં પરીણામો જાહેર થશે અને બન્ને રાજયોના આવેલા એકઝીટ પોલથી સસ્પેન્સ વધી ગયુ છે તો બીજી તરફ હવે ચૂંટણી પંચ ગમે તે સમયે મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરશે અને દિવાળી પછી યોજાનારી આ ચૂંટણીની સાથે ઉતર પ્રદેશની વિધાનસભાની ૧૦ બેઠકો સહિત કુલ ૫૦ બેઠકોની પેટા ચૂંટણી પણ જાહેર કરશે.

લોકસભા ચૂંટણી બાદની યોજાયેલી હરીયાણા તથા જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણીના મતદાન સંપન્ન થતા જ રવિવારે દર્શાવાયેલા એકઝીટ પોલમાં ભાજપની સ્થિતિ ''નબળી' હોવાનું દર્શાવે છે. હરીયાણામાં પક્ષ ૯૦ બેઠકોમાં ૪૫ થી ૫૦ અને એકઝીટ પોલમાં ૫૫ જેટલી બેઠકો જીતશે તેવુ દર્શાવાતા ભાજપની છાવણીમાં સોપો પડી ગયો હતો છતા ભાજપે બહાદુર ચહેરો બતાવવા કોશીશ કરી છે. તો જમ્મુ-કાશ્મીરમાં ત્રિશંકુ વિધાનસભાનાં સંકેત મળ્યા છે અને કોંગ્રેસ નેશનલ કોન્ફરન્સનું જોડાણ સૌથી વધુ બેઠકો મેળવી જશે તેવુ ચિત્ર ઉપસ્યુ છે. ૯૦ બેઠકોની વિધાનસભામાં હવે ત્રીજા સ્થાને રહી શકતા પીડીપી અને ખીશમાં ચૂંટાઈ શકતા અપક્ષ નાના પક્ષો પાસે સરકારની રચનામાં હુકમનું પાનુ હશે તેવી શકયતા છે.

જોકે ભાજપે એ પાંચ બેઠકો પર નજર રાખી છે. જેના પર સભ્યોને નિયુકત કરવાની સતા ઉપરાજયપાલ પાસે છે અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં અપક્ષ કે એન્જીનીયર રાશીદ સહીતના નાના પક્ષોનાં નેતાઓ પર નજર હશે. હરીયાણામાં જો કોંગ્રેસ સ્પષ્ટ બહુમતી મેળવે છે તો ભાજપને મોટો આંચકો હશે અને તેની અસર મહારાષ્ટ્ર અને ઝારખંડ પર પણ પડી શકે છે તો વિપક્ષોને લોકસભા ચૂંટણી બાદ નવી તાકાત મળશે હવે કાલ બાદ રાજકીય ગતિવીધી વધશે. બીજી તરફ મહારાષ્ટ્ર અને હરીયાણામાં તા.૨૬ નવેમ્બર પૂર્વ વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની ડેડલાઈન ખુદ ચૂંટણી પંચે આપી છે તેથી હવે આગામી દિવસોમાં આ બન્ને રાજયોની ધારાસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થશે અને બન્ને રાજયો વચ્ચે પ્રતિષ્ઠાનો જંગ જામશે તો તેની સાથે દેશમાં લોકસભા-ધારાસભાની ખાલી પડેલી ૫૦ બેઠકો ઉપરાંત કાલે આવનારા બે રાજયોનાં પરીણામો પર ખાલી પડી શકતી વધુ બેઠકો પર પેટા ચૂંટણી યોજાશે. જેમાં યુપીની ધારાસભાની ૧૧૦ બેઠકોનો સમાવેશ થાય છે. અને સરકાર ત્રણ માસથી આ બેઠકો પર સક્રિય બની છે. આમ વર્ષના અંત પૂર્વ દેશનાં રાજકારણને નવી દિશા આપતા પરીણામોની ઉતેજના વધી છે.

હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ

## દેશમાં જાદુ-ટોનાને કારણે ૧૦૬૪ લોકોએ જીવ ગુમાવ્યા



નવી દિલ્હી,તા. ૭: જાદુટોના, બ્લેક મેજિક, નરબલિ જેવી વિધિઓ અને રિવાજો ભારતીય સમાજનું અભિન્ન અને અનિષ્ટ અંગ બન્યાં છે. યુપીનાં હાથરસમાં થોડા દિવસ પહેલાં જ સમૃદ્ધિ માટે સ્કૂલના સંચાલક પિતા-પુત્રે બલિ ચડાવવાના નામે ૧૧ વર્ષના બાળકની હત્યા કરી નાખી હતી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો (દ્ગઝ્રઇમ્)ના આંકડા કહે છે કે ૨૦૧૪થી ૨૦૨૨માં કાળા જાદુને કારણે ૧૧૧ વ્યકિતનો બલિ ચડાવાયો છે. એમાંથી ૨૦૨૨માં જ ૮ જણના જીવ ગયા છે. એ સિવાય જાદુટોના કરતા હોવાની અને ડાકણ હોવાની શંકાને કારણે પણ લોકોને મારી નાખવામાં આવે છે. ૨૦૨૧માં ૬૮ જણને આ કારણસર મારી નખાયા હતા અને બીજા જ વર્ષે ૨૦૨૨માં આ આંકડો ૮૫એ પહોંચ્યો હતો. ૨૦૧૩થી ૨૦૨૨ સુધીમાં જાદુટોનાને કાણે ૧૦૬૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. છત્તીસગઢ, ઓડિશા, મધ્ય પ્રદેશ અને ઝારખંડ જેવાં રાજયોમાં મહિલાઓને ડાકણ માનીને તેમને મારી નાખવાની ઘટના સામાન્ય બની ગઈ છે એટલે ૧૦૬૪નાં મૃત્યુમાં સૌથી વધુ મહિલાઓનાં મૃત્યુ થયાં છે.

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA

બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

PARDAWALA
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫



# રીઝર્વ બેંકની મોનીટરી કમીટીની આજથી બેઠક : વ્યાજદર યથાવત રહેવાની અટકળો

મુંબઈ તા.૭

પશ્ચિમ એશિયામાં તંગદીલી વધવાથી ક્રુડ ઓઈલની કિંમતમાં ઉછાળો આવ્યો છે તેની અસર આવનારા દિવસોમાં ઘરેલુ સ્તરે મોંઘવારી વધવા તરીકે દેખાઈ શકે છે. માનવામા આવે છે કે આ પરિસ્થિતિઓને જોતા આરબીઆઈ આ સપ્તાહે યોજાનારી મૌદ્રિક નીતિ સમીક્ષાની બેઠકમાં મુખ્ય વ્યાજ દર (રેપોરેટ)ને ફરી એકવાર યથાવત રાખી શકે છે. પહેલા વિશેષજ્ઞોએ આશા રાખી હતી કે, અમેરિકી ફેડ દ્વારા ખૂબ જ રાહ જોવાતી વ્યાજદરમાં કપાતની શરૂઆત બાદ આરબીઆઈ પણ આ સીલસીલો (દોર) જલદી શરૂ કરી શકે છે. રીઝર્વ બેંકનાં ગવર્નર શકિતકાંત દાસ ૯મી ઓકટોબરે ત્રણ દિવસ ચાલનારી બેઠક માટે નિર્ણયોની જાહેરાત કરી શકશે.

વિશેષજ્ઞોએ અનુમાન લગાડયુ છે કે, બહારના સભ્યોની નિયુકિત છતાં એમપીસી (મૌદ્રિક નીતિ સમિતિ) મુખ્ય વ્યાજદર રેપોરેટ યથાવત રાખશે. વિશેષજ્ઞોનુ કહેવુ છે કે રીટેલ ફૂગાવો હજુ પણ ચિંતાનો વિષયક બન્યો છે અને પશ્ચિમ એશિયા સંકટ વધુ બગડવાની સંભાવના છે, જેની અસર ક્રુડ ઓઈલ પર પડશે. એમપીસીના ચેરમેન આરબીઆઈ ગવર્નર શકિતકાંત દાસ બુધવારે પરિણામોની જાહેરાત કરશે. રીઝર્વ બેંકે ફેબ્રુઆરીથી ૨૦૨૩થી રેપોરેટને ૬.૫ ટકા પર યથાવત રાખ્યો છે.

બેઠક પર શેરબજારની પણ નજરઃ આરબીઆઈનો રેપોરેટ પર નિર્ણય પશ્ચિમ એશિયાનો સંઘર્ષ અને વિદેશી પોર્ટફોલિયોના રોકાણકારો (એફપીઆઈ)ની ગતિવિધિઓથી આ સપ્તાહે સ્થાનિક શેરબજારોની દિશા નકકી થશે. વિશ્લેષકોએ આ રાય આપી છે.

ખાદ્ય મોંઘવારીની ચિંતા યથાવતઃ વિશેષજ્ઞોનુ કહેવુ છે કે રીટેલ મોંઘવારી ગત બે મહિનાથી આરબીઆઈના ક્ષેત્રે ચાર ટકાના ક્ષેત્રમાં બનેલી છે. પણ ખાદ્ય મોંઘવારીને કારણે ચિંતા યથાવત છે.

અમેરિકા, જાપાને વ્યાજદર ઘટાડયાઃ હાલમાં જ અમેરિકી ફેડરલ રીઝર્વ વ્યાજદરમાં ૦.૫ ટકાનો ઘટાડો કર્યો છે અને આગળ પણ કપાત ચાલુ રાખવાના સંકેત આપ્યા છે. જાપાને પણ વ્યાજદરો ઘટાડયા હતા.

# કરાંચી એરપોર્ટ નજીક આતંકવાદી હુમલો : બે ચીની એન્જીનીયરનાં મોત

ઈસ્લામાબાદ તા.૭ઃ પાકિસ્તાનના કરાચી એરપોર્ટ નજીક ગતરાત્રે મોટા હુમલાનો મામલો સામે આવ્યો છે. પોર્ટ કાસિમ ઈલેક્ટ્રીક પાવર કંપની (પ્રાઈવેટ) લિમિટેડના ચીની કર્મચારીઓને લઈ જઈ રહેલા કાફલા પર હુમલો થતાં બે ચીની નાગરિકોના મોત થયા હતા અને એક ઘાયલ થયો હતો. આ સાથે અનેક પાકિસ્તાની નાગરિકો ઘાયલ થયા છે. દૂતાવાસના નિવેદન અનુસાર, પાકિસ્તાનમાં ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટ જનરલે હુમલાની સખત નિંદા કરી, બંને દેશોના નિર્દોષ પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો અને તેમના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યકત કરી.સૂત્રોના જણાવ્યા અનુસાર, બલૂચિસ્તાન લિબરેશન આર્મીએ આ વિસ્ફોટને અંજામ આપ્યો હતો, જેમાં જીવ ગુમાવનારા બંને ચીની નાગરિકો છે. ઘાયલોમાં ઘણા પોલીસ અધિકારીઓ પણ સામેલ છે.

# માલદીવનાં રાષ્ટ્રપતિ મુઈઝુ ભારતની ૪ દિવસની મુલાકાતે આવ્યા : નવી દિલ્હીનાં વર્ચસ્વને સ્વીકાર્યુ



નવી દિલ્હી, તા.૭ઃ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ભારતની ચાર દિવસીય મુલાકાતે આવ્યા છે. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ખાતરી આપી છે કે તેમનો દેશ ભારતની સુરક્ષાને ખલેલ પહોંચાડે તેવું કોઈ કામ કયારેય નહીં કરે. મુઈઝુ, જેની સરકાર માલદીવમાં આર્થિક સંકટનો સામનો કરી રહી છે, તે ભારત સાથે તેના દેશના સંબંધોને ફરીથી સેટ કરવા માટે ભારતની મુલાકાતે છે. ચીનના નજીકના ગણાતા મુઈઝુએ રવિવારે કહ્યું હતું કે ચીન સાથેના દેશના સંબંધોથી ભારતની સુરક્ષાને કયારેય કોઈ ખતરો નહીં રહે. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ભારતની મુલાકાતે છે. વિદેશ મંત્રી જયશંકરને મળ્યા બાદ હવે તેઓ માલદીવની આર્થિક સ્થિતિ સુધારવા માટે વડાપ્રધાન મોદીને મળશે. રવિવારે તેમણે ભારત સાથેના સંબંધોમાં નાટકીય ફેરફારો અંગે પોતાનું મૌન તોડ્યું હતું. ચાઈનીઝ નાણાની મદદથી લાઈમલાઈટમાં ચડી ગયેલા મોઈજ્જુ ભારત વિરોધી અભિયાન ચલાવીને સત્તામાં આવ્યા હતા. ચીન સમર્થિત મુઈઝુ લાંબા સમયથી ભારત માટે માથાનો દુખાવો બની રહયા હતા. મુઈઝુની ભારતની આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે. જો કે આ પહેલા તે ભારત આવી ચુકયા છે. મુઈઝુ આ વર્ષે ૯ જૂને ત્રીજી વખત વડાપ્રધાન તરીકે મોદીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા નવી દિલ્હી આવ્યા હતા. પાંચ મહિનામાં આ તેમની બીજી મુલાકાત છે. મુઈઝુ, આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે. આ પછી વડાપ્રધાન મોદી સાથે મુલાકાત થશે. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે ભારત-માલદીવ દ્વિપક્ષીય મુદ્દાઓ, ધાર્મિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા થશે.

# ઈઝરાયેલ ઉપર હમાસનાં હુમલાને આજે એક વર્ષ થયું : સંઘર્ષ યથાવત

ન્યુયોર્ક તા.૭

ઈઝરાયલ પર હમાસના હુમલાને આજે ૭ ઓકટોબર એક વર્ષ પુર્ણ થઈ ગયુ છે. આ સંઘર્ષે તબાહીની એક એવી શરૂઆત કરી જે લાંબા સમય સુધી ખતમ થાય તેવુ નથી દેખાતુ. એક રીપોર્ટ અનુસાર આ હુમલા બાદ ઈઝરાયલે ગાઝા બાદ દર સપ્તાહે ૧૬૦ હુમલા કર્યા હતા. અમેરિકાના થીંક ટેક્ક સેન્ટર ફોર સ્ટ્રેટેનિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના રીપોર્ટ અનુસાર ગાઝામાં હજુ પણ યુધ્ધ ચાલુ છે અને ઈઝરાયલ હવે લેબેનોનમાં હિઝબુલ્લાહ અને ઈરાન સાથે પણ સંઘર્ષ કરી રહ્યુ છે. આ ચોતરફો સંઘર્ષ સમગ્ર મધ્ય પૂર્વને પોતાની ઝપટમાં લઈ શકે છે.

સપ્ટેમ્બરમાં ઈઝરાયલ અને હિઝબુલ વચ્ચે ભીષણ સંઘર્ષ જોવા મળ્યો. હિઝબુલ્લાહના હુમલાના જવાબમાં ઈઝરાયલે ૧૫ થી ૨૮ સપ્ટેમ્બર સુધી લેબેનોનના એક હજારથી વધુ વાર નિશાન બનાવેલુ. જયારે ઉર્જા સુવિધા પર જોવા મળ્યો. હિઝબુલ્લાહના હુમલાના જવાબમાં ઈઝરાયલે ૧૫ થી ૨૮ સપ્ટેમ્બર સુધી લેબેનોનના એક હજારથી વધુ વાર નિશાન બનાવેલુ. જયારે ઉર્જા સુવિધા પર ઈઝરાયલી હુમલાને ધ્યાનમાં રાખીને ઈરાનના તેલમંત્રીએ રવિવારે મુખ્ય નિકાસ ટર્મિનલ ખરગ દ્વીપની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન નૌસેના કમાન્ડરની પણ મુલાકાત લીધી હતી. ઈઝરાયલના સંભવિત હુમલાને ધ્યાનમાં રાખતા આ મુલાકાતને ઘણી મહત્વની માનવામા આવે છે.

# દિકરાનાં મૃત્યુ બાદ પણ તેના બાળકનો જન્મ કરાવી શકાય : દિલ્હી હાઈકોર્ટ

નવી દિલ્હી,તા. ૭ઃ આ નિર્દેશ દિલ્હી હાઈકોર્ટે આપ્યો છે. દિલ્હીની સર ગંગારામ હોસ્પીટલે મૃત વ્યકતિનું ફ્રીઝ કરાયેલું સ્પર્મ આપવાની ના પાડી એટલે હાઈકોર્ટમાં ફરિયાદ થઈ હતી. દિલ્હીનાં વૃદ્ધ માતા-પિતાના દીકરાને ૨૦૨૦માં કેન્સર હતું. કેન્સરની સારવાર કરવાથી બાળક ઉત્પન્ન થવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે એવું ડોક્ટરોએ કહ્યું હતું એટલે કીમો થેરપી શરૂ કરતાં પહેલાં જૂન ૨૦૨૦માં હોસ્પીટલની IVF લેબમાં તેના સ્પર્મ ફ્રીઝ કરી દેવાયા હતા. સમય જતાં દીકરાનું મૃત્યુ થયું. દીકરો કુંવારો હતો અને વંશવેલો આગળ વધારી શકાય તે માટે માતા-પિતાએ મૃત પુત્રના વીર્યના નમૂના લેવા હોસ્પીટલનો સંપર્ક કર્યો, પણ અદાલતના આદેશ વિના સેમ્પલ ન આપી શકાય એવો જવાબ મળ્યો એટલે તેમણે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. ન્યાયાધીશ પ્રતિભા એમ. સિંહે ૮૪ પાનાંનો ચુકાદો આપ્યો છે અને કહ્યું છે કે સ્પર્મ કે એગના માલિકની સંમતિ મળી હોય તો તેના મૃત્યુ પછી બાળકનો જન્મ કરાવવામાં કોઈ અડચણ નથી. અદાલતે કહ્યું કે મૃત્યુ પછી પ્રજનન કે એને સંબંધિત બાબતોના સમાધાન માટે કોઈ કાયદો, અધિનિયમ કે દિશાનિર્દેશની જરૂર છે કે નહીં એ વિશે કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય વિચાર કરશે. હાઈકોર્ટે સર ગંગારામ હોસપિટલને મૃત પુત્રના સ્પર્મ તેનાં માતા-પિતાને તાત્કાલિક સોંપી દેવાનો આદેશ કર્યો છે.

# મહાકુંભ દરમ્યાન દારૂ-માંસનાં વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ

પ્રયાગરાજ તા.૭

મહાકુંભ ૨૦૨૫ની તૈયારીઓની સમીક્ષા કરવા રવિવારે પ્રયાગરાજ આવેલાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જિલ્લાની હદમાં મહાકુંભ દરમિયાન માંસ અને દારૂનાં વેચાણ અને ખરીદી પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. અખિલ ભારતીય અખાડા પરિષદનાં પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં મુખ્યમંત્રીએ આ મોટી જાહેરાત કરી છે. અખાડાના સંતો અને ઋષિઓ લાંબા સમયથી આની માંગ કરી રહ્યાં હતાં. આ દરમિયાન મુખ્યમંત્રીએ મેળા ઓથોરિટી ઓફિસ ખાતે મહાકુંભ ૨૦૨૫ નો લોગો, વેબસાઈટ અને મોબાઈલ એપ પણ લોન્ચ કરી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રવિવારે પ્રયાગરાજમાં મહાકુંભનો લોગો લોન્ચ કર્યો હતો, આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને સ્વતંત્ર દેવ સિંહ પણ હાજર રહ્યાં હતાં. આઈટ્રીપલસીમાં મહાકુંભના કામોની સમીક્ષા દરમિયાન, મુખ્યમંત્રીનું સંપૂર્ણ ધ્યાન બાંધકામના કામો સમયસર અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવા પર હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે જે પણ મોટાં બાંધકામો ચાલી રહ્યાં છે તે ૧૦ મી ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનો અમારો પ્રયાસ હોવો જોઈએ. અમારો પ્રયાસ ૧૦ થી ૧૫ ડિસેમ્બરની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રિત કરવાનો રહેશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પ્રયાગરાજના રહેવાસીઓને હોમ સ્ટેની વ્યવસ્થા કરવા અને અતિથિ દેવો ભવનો સંદેશ દેશ અને દુનિયામાં ફેલાવવાની અપીલ કરી હતી.

# અદાલતો પાસે તત્કાલ ન્યાય આપવા માટે કોઈ જાદુઈ છડી નથી : પ્રક્રિયા મુજબ જવું જ પડે : કોલકતા હાઈકોર્ટ

કોલકતા તા.૭

દેશમાં બનતા દુષ્કર્મ અને તેના જેવી ધૃણાસ્પદ ઘટનાઓમાં આરોપીઓને તાત્કાલીક ફાંસીના માચડે ચડાવવા સહીતની માંગ સાથે વધતા જતાં જનઆક્રોશ સામે એક તરફ પોલીસદળ અને સરકાર પર દબાણ વધે છે અને ન્યાયતંત્ર સામે પણ ઝડપથી ન્યાયની આશા રખાય છે. તેની સામે કોલકતા હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તાત્કાલીક ન્યાય આપી શકાય તેવી કોઈ જાદુઈ છડી અદાલતો પાસે નથી. પ.બંગાળનાં જોયનગરમાં બે દિવસ પૂર્વે 'ગુમ' થયેલી ધોરણ ૪ માં અભ્યાસ કરતી એક બાળાનો મૃતદેહ ખુબ જ ખરાબ હાલતમાં મળ્યો હતો તેની હત્યા કરવામાં આવી હતી અને સંભવીત દુષ્કર્મ પણ થયુ હોવાનું જણાયુ હતું. જેમાં સ્થાનિક લોકોએ આક્રોશ દર્શાવીને દેખાવ-ધરણા કરતાં અને તોડફોડ ચાલૂ કરતાં પોલીસને બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી. પોલીસે એક ૧૯ વર્ષનાં સ્થાનીક યુવક મોસ્તકીન સરદારની આ કેસમાં હત્યાનાં આરોપમાં ધરપકડ કરી પણ દુષ્કર્મ અંગે મેડીકલ પુરાવા મેળવવા અને બાળાના કુટુંબીજનોની વાત મુજબ મેજીસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમ વગેરેની પ્રક્રિયામાં સ્થાનીક ટ્રાયલ કોર્ટે મંજુરી નહી આપતા હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને માંગ કરી કે સ્થાનીક કોર્ટનાં આદેશને રદ કરવામાં આવે. હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ તિર્થંકર ઘોષે રવિવારે ખાસ સુનાવણી રાખીને મેજીસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમમાં કોઈ સમસ્યા નહીં હોવાનું જણાવી મંજુરી આપી હતી પણ પોલીસે આ કેસમાં પોકસોની કલમ ન ઉમેરી તેની ટીકા કરતા જણાવ્યુ છે ઈન્કવેસ્ટની તપાસના પુરાવામાં આ શકયતા દર્શાવાઈ છે. પોલીસે હવે ઓટોપ્સીની રાહ જોવી જોઈએ નહિં અને આરોપીને પોકસો હેઠળ ચલાવવા આદેશ આપ્યો હતો.

## વડોદરાનાં સગીરા પર સામૂહિક બળાત્કાર પ્રકરણમાં ત્રણ નરાધમો ઝડપાયા

વડોદરા તા. ૭

ગેંગરેપ માટે હવે બદનામ થઈ ચૂકેલા વડોદરામાં બીજા જ નોરતે નરાધમોએ ૧૬ વર્ષની સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. ગરબા રમવા નીકળેલી સગીરા શહેરના ભાયલીથી ૨ દૂર વિસ્તારમાં મિત્ર સાથે બેઠી હતી, ત્યારે ૩ નરાધમોએ જઈ તેના મિત્રને ગોંધી સગીરા પર સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું હતું. જોકે, આ ઘટનાના ૪૮ કલાક બાદ પોલીસે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ બનાવ જિલ્લા પોલીસ તંત્રના તાલુકા પોલીસ મથકની હદમાં બન્યો હોવાથી શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપાયેલા આરોપીઓને જિલ્લા પોલીસને સોંપશે. આરોપીઓ તાંદલજા વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. ૩ નરાધમો સહિત તમામ ૫ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

## વિશ્વમાં ઈસ્લામ સૌથી ઝડપથી ફેલાઈ રહેલો ધર્મ : ૧૦ દેશોની ૯૯ ટકા વસ્તી મુસ્લીમ

નવી દિલ્હી, તા.૭ઃ ખ્રિસ્તી ધર્મ પછી ઈસ્લામ વિશ્વનો બીજો સૌથી મોટો ધર્મ છે. વિશ્વમાં જો કોઈ ધર્મની વસ્તી ઝડપથી વધી હોય તો તે ઈસ્લામ છે. સમગ્ર વિશ્વમાં ૫૭ મુસ્લીમ દેશો છે. તે જ સમયે, જો આપણે સમગ્ર વિશ્વમાં મુસ્લીમ વસ્તી પર નજર કરીએ, તો તે ૨ અબજથી વધુ છે. વિશ્વમાં એવા ઘણા દેશો છે જ્યાં મુસ્લીમ વસ્તી ૯૯ ટકા અથવા તેનાથી પણ વધુ છે.પ્યુ રિસર્ચ સેન્ટરને ટાંકીને વર્લ્ડ ઓફ સ્ટેટિસ્ટિક્સ દ્વારા સૌથી વધુ મુસ્લીમ વસ્તી ધરાવતા આ દેશોની યાદી જાહેર કરવામાં આવી છે. તે જ સમયે, ભારતમાં લગભગ ૧૪.૬ ટકા મુસ્લીમો છે.


ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

વરૂણ કેશ કેર પ્લસ હેર ઓઈલ

● વાળને ખરતા અટકાવે
● વાળનો ગ્રોથ વધારે
વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે
દિનેશ એજન્સીઝ
આઝાદ ચોક, જૂનાગઢ
સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેક્ટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી વધુ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.



બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો


સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા ✚
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર - જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# ખોડલધામ આયોજીત ગરબીમાં પત્રકાર પરિવારોએ માતાજીની આરતી ઉતારી આરાધના કરી

## એલ.પી.એસ ગ્રુપ ખેલૈયાઓ માટે નિઃશુલ્ક ચા-મીનરલ વોટરની કરે છે વ્યવસ્થા




જૂનાગઢ, તા. ૭

નવરાત્રી પર્વ એટલી વિશ્વનો સૌથી લાંબો તહેવાર, સમગ્ર રાષ્ટ્રમાં અને એમાંય જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત, અને પ્રત્યેક ગુજરાતીને આનંદની ઉર્મીઓ સાથે આધ્યાત્મિકતામાં ઓતપ્રોત કરતા નવરાત્રી પર્વની વિશેષતા અનેરી હોય છે. જૂનાગઢ નગરી ધર્મ અને આધ્યાત્મિક નગરી છે. અહીં ભકતકવિ નરસીંહ મહેતાનાં ચોરા ખાતે યોજાતી ગરબી હોય કે જ્યાં કોકીલ કંઠનાં સુરે દિવાળીબેન ભીલે ગરબીની બાળાઓને રાસની રમઝટમાં ઓતપ્રોત કરી હોય એવી વણઝારી ચોકની ગરબી આજેય લોકહૈયામાં અદકેરૂ સ્થાન ધરાવે છે. સમયનાં વહેલ બદલાતા ગરબી શેરી છોડીને પાર્ટી પ્લોટ સુધી પહોંચી છે. જ્યાં પરિવાર ભાવથી અલગ અલગ સમાજનાં શ્રેષ્ઠીઓ પોતાની વ્યવસ્થા સુપેરે વહન કરી નવદિવસ સુધી સમાજનાં ભાઈ બહેનોને રાસ અને ગરબાની સવલત ઉભી કરતા હોય છે. વાત કરવી છે. ખોડલધામ ગરબી મંડળની, જૂનાગઢ શહેરનાં ઝાંઝરડા ચોકડી સમીપે સત્યમ પાર્ટી પ્લોટમાં યોજાતી ગરબીમાં લેઉવા પટેલ સમાજનાં ભાઈ-બહેનો, અબાલ-વૃધ્ધ સૌ ભક્તિભાવનાં સથવારે માં ભવાનીને આરાધના કરે છે. અહીં ભારતિય સંસ્કાર અને સંકૃતિને શોભે એવા વસ્ત્રપરિધાન સાથે યુવા વર્ગ ગરબે રમે છે. અહીં લેઉવા પટેલ સમાજ એટલે કે એલપીએસ ગ્રુપ દ્વારા ગરબે રમવા પરધારતા પ્રત્યેક વ્યક્તિને નિઃશુલ્ક ચા અને મિનરલ વોટરની સવલત કરી છે. તો ખોડલધામ યુવા ગ્રુપનાં સભ્યો વાહન પાર્કીંગ, અતિથીને આવકારવા, કોઈ ખેલૈયાને અગવડતા ના રહે તેની તકેદારી રાખવી સહિતની બાબતો જીણવટભરી સંભાળી રહ્યા છે. ત્રિજા નોરતાની માતા ખોડીયારની આરતી જૂનાગઢ નગરનાં મીડીયામિત્રોનાં ભાગે આવી હતી. આ માટે ખોડલધામ ગરબી મંડળનાં આયોજકશ્રીઓએ પત્રકાર મિત્રોને આદરભાવ સાથે ગરબીમાં અતિથીભાવથી નિમંત્રણ પાઠવ્યું હતું. પત્રકારમિત્રોએ પરિવાર સાથે ઉપસ્થિત રહી માતાજીની આરતી ઉતારી આરાધના કરી હતી.

# જૂનાગઢ શહેરની રણછોડનગર સોસાયટી સામુદાયીક કાર્યોમાં ચિંધે છે નવો રાહ

## યુવાનો સોસાયટીની રાત્રીનાં નવરાશની પળોમાં સાવરણા હાથમાં લઈને કરે છે સ્વચ્છતા



જૂનાગઢ, તા.૭

જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ સમીપ આવેલ રણોડનગર સોસાયટી લોકસુખાકારીનાં સામુદાયીક કાર્યો માટે અન્ય સોસાયટી માટે પ્રેરણા બળ પુરૂ પાડે છે. સૌનો સાથ -સૌનો વિકાસ-સૌનો સંગાથ સુત્રને ચરિતાર્થ કરતા રણછોડનગર સોશ્યલગૃપનાં યુવાનો જળવ્યસ્થાપન હોય કે સોસાયટીની સ્વચ્વતા હોય કે પછી વૃક્ષ વાવેતર-સંવર્ધનની વાતમાં હમેંશા અગ્રેસર બનીને કાર્યમાં સહભાગી બને છે.

અત્રે ઉલ્લેખનિય છે કે સોસાયટીમાં વરસાદી પાણીને ૯૦ ફુટ ઊંડા કુવામાં વૈજ્ઞાનિક ઢબે ઉતારીને ચિચાર્જ કરવામાં આવે છે વણ ઉપયોગી બોરવેલમાં રસ્તામાં વહી જતા વરસાદનાં પાણીને બોરવેલમાં ઉતારવા અહીં પ્રયાસ કરવામાં આવે છે. સોસાયટીનાં ચાર જેટલા કોમન પ્લોટમાં વૃક્ષોનું વાવેતર કરી સંવર્ધન કરવામાં આવ્યુ છે. કોમ પ્લોટમાં કોર્પોરેશનની સહાયથી પેવર બ્લોક બેસાડય બાદ તમામ પ્લોટને કમ્પાઉન્ડ વો અને મજબુત લોખંડનાં દરવાજાથી રક્ષીત કરવામાં આવ્યા છે. વયોવૃધ્ધ નાગરિકો માટે સત્સંગ ડોમ બનાવેલ છે. લોકફાળાથી બેસવા ખુરશીઓ-ટેબલ વસાવ્યા છે. સામાજીક કાર્યો માટે પાથરણા, યુરિનલ, પોયજળની વ્યવસ્થા કરી છે. સોસાયટીની પોતી પાણી વિતરણ વ્યવસ્થા છે. ઓવરહેડ દ્વારા પાણી વિતરીત કરતી શહેરની એકમાત્ર સોસાયટી રણછોડનગર છે. જળસંચય માટે ઘરે-ઘરે પાણીનાં મીટર બેસાડેલ છે. જેથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. સાથે પાણીનો બગાડ કે વેડફાટ થતો બચે છે. તમામ કોમ પ્લોટની નિયમિત સ્વચ્છતા રાખવામાં આવે છે. તાજેરતમાં ગાંધી જયંતીનાં અવસરને સ્વચ્છતા અભિયાન દ્વારા યુવાનોએ ઉજવેલ, સાથે સાથે નવરાત્રીની ઉજવણી પણ સૌ સોસાયટીનાં સભ્યો સાથે મળી કરે છે. નુતનવર્ષનાં પહેલા દિવસે સ્નેહમિલન કાર્યક્રમ હોય કે આધ્યાત્મિક કથા કિર્તન હોય સૌ વસુદૈવકુટુમ્બક્કમ ભાવથી ઉજવે છે. સોસાયટીનાં પ્રમુખ દેવેન્દ્રભાઈ ટીંબડીયા, ચિરાગ પટેલ, હરસુખભાઈ હીરપરા, વિનુભાઈ બારસીયા અને ટીમ દ્વારા લોકહીતનાં કાર્યો હાથ ધરવામાં આવે છે. સોસાયટીની સર્વાંગી વિકાસની વાત હોય કે તંત્ર સાથે સંકલનકારની વાત હોય પદ-પ્રતિષ્ઠાની અપેક્ષા વગર મુક સેવાનાં ભાવથી સોસાયટીના હીતને ધ્યાને રાખી કાર્ય કરનાર અશ્વિનભાઈ પટેલની કુનેહથી આજે રણછોડનગર સોસાયટી અન્ય સોસાયટીઓ માટે પ્રેરણાસભર બની રહી છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યામંદિર જોષીપરા ખાતે આર્ટ એન્ડ ક્રાફ્ટ અવેરનેસ વર્કશોપ યોજાયો





જૂનાગઢ, તા.૭

ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ જેને ટૂંકા નામે ઈન્ટેકના નામે ઓળખવામાં આવે છે. આ સંસ્થાની સ્થાપના ઈ.સ. ૧૯૮૪માં દિલ્હી ખાતે થયેલી છે જેની હેડ ઓફિસ નવી દિલ્હી ખાતે છે. આ સંસ્થાના ભારતભરમાં ચેપ્ટર ચાલે છે. આપણા ગરવા ગુજરાતમાં સુરત, વડોદરા, નવસારી, અમદાવાદ, જામનગર, રાજકોટ, ભાવનગર, રાજપીપળા, જૂનાગઢ ખાતે ચેપ્ટર કાર્યરત છે. આ સંસ્થા ભારતીય સંસ્કૃતિ ધરોહર અને વારસાની જાળવણી અને પ્રચાર પ્રસાર કરવાનું કાર્ય કરે છે. ઈન્ટેકનું અંગ્રેજી અને હિન્દીમાં 'વિરાસત' નામનું ત્રૈમાસિક કલરફૂલ મેગેઝીન પ્રગટ થાય છે જેમાં સમગ્ર ભારતમાં ઈન્ટેક દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ ગતિવિધિઓનો પરિચય મળે છે. બાળકો માટે 'યંગ ઈન્ટેક' નામથી વિરાસત કલબની સમાચાર પત્રિકા બહાર પડે છે. આ સંસ્થામાં રૂપિયા ૫૦૦૦ ભરીને લાઈફ મેમ્બર બની શકાય છે. જૂનાગઢ ચેપ્ટરમાં જૂનાગઢનાં વીસેક નવા લાઈફ મેમ્બર નોંધાયા છે. જૂનાગઢ ખાતે તા. ૫ ઓકટોબર ૨૦૨૪ને શનિવારના રોજ માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યામંદિર જોષીપરા જૂનાગઢના સહયોગથી આર્ટ એન્ડ ક્રાફટ અવેરનેસ વર્કશોપનું ઈન્ટેક દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું ઉદ્દઘાટન આચાર્ય જયશ્રીબેન રંગોલિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સંસ્થાના શિક્ષણ નિયામક બી. એમ. ડોબરિયા તથા મેનેજમેન્ટના રમેશભાઈ ગજેરા ઉપસ્થિત રહયા હતા. આ વર્કશોપમાં જૂનાગઢ જિલ્લાની કુલ નવ સ્કૂલોએ પ્રતિનિધિત્વ કર્યુ હતું. જેમાં માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર જૂનાગઢ, ડો.સુભાષ આર્ય કન્યા વિદ્યાલય જૂનાગઢ, સ્વ .ટી.એલ. વાળા કન્યા વિદ્યાલય જૂનાગઢ, શ્રી જાવિયા સ્કૂલ જૂનાગઢ, લીરબાઈનગર પ્રાથમિક શાળા જૂનાગઢ, શ્રી સર્વોદય વિદ્યાલય મજેવડી, શ્રી પ્રેમાનંદ વિદ્યામંદિર જૂનાગઢ, જીનીયસ સ્કૂલ જૂનાગઢ, શ્રી સાંદિપની સ્કૂલ ધંધુસર આ વર્કશોપમાં ધોરણ ૭ થી ૯ ની ૧૦૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. બાબુભાઈ પ્રેમજીભાઈ કતકપરાએ ચાકડા પર માટીના વાસણો બનાવી બતાવ્યા હતા. વર્કશોપના અંતે તમામ વિદ્યાર્થીનીના મોં ઉપર કંઈક નવું શીખ્યાનો ઝગમગાટ દેખાતો હતો. ભવિષ્યમાં આ બાળકો વિસરાતી ભૂંસાતી કલાને જાળવવામાં સહયોગી બનશે. વર્કશોપમાં શ્રીમતી જુલીબેન ખારોડ અને શ્રીમતી હેતલબા બી. વાળાએ એક્સપર્ટ તરીકે સેવા આપી હતી. આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્ય જયશ્રીબેન રંગોલિયા અને તેમના સ્ટાફે જહેમત ઉઠાવી હતી. એમ જૂનાગઢ ચેપ્ટરના કન્વીનર ડો.પ્રધુમ્ન ખાચર અને કો. કન્વીનર ચેતનાબેન ચુડાસમાની યાદીમાં જણાવાયું છે.

# ડોળાસા નજીકનાં ચીખલી ગામની બે દીકરીઓએ એક વર્ષ સૈન્ય તાલીમ પૂરી કરી : ગામમાં ભવ્ય સ્વાગત કરાયું

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૭

ડોળાસા નજીક ના ચીખલી ગામ ની બે બહેનો એક વર્ષની સૈન્ય તાલીમ પૂર્ણ કરી માદરે વતન ચીખલી ગામે આવી પહોંચી હતી. જ્યાં સમસ્ત ચીખલી ગામના લોકોએ ભારે ઉમળકાથી સ્વાગત કરી આ ફૌજી બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. તે પૈકી એક ફૌજી બહેનના લગ્નના બીજા જ દિવસે સૈન્ય તાલીમમાં જોડાઈ દેશ માટે સાંસારિક જીવન કુરબાન કરી દીધું હતું આ માટે તેમના પતિ ની પણ કુરબાની દેશ પ્રત્યે દેશ દાઝ પ્રગટ કરે છે. ઉના તાલુકાના દરિયા કિનારે વસેલા ચીખલી ગામમાં મોટા ભાગે કોળી સમાજ વસવાટ કરે છે. આ ગામમાં મોટા ભાગના લોકો શ્રમજીવી છે. ખેતમજૂરી, મચ્છીમારી મુખ્ય આજીવિકા છે. શિક્ષણનું પ્રમાણ પણ ઓછું છે. સરકારી નોકરીમાં પણ બહુ ઓછા લોકો આ ગામનું પ્રતિનિધિત્વ કરે છે પણ ચીખલી ગામમાં દેશ દાઝની લાગણી દાદ માગી લે છે. તાજેતરમાં આ ગામની એક દીકરી અને એક વહુ જે ભારતીય સૈન્યના મહિલા પાંખમાં જોડાઈ ચીખલી ગામનું ગૌરવ વધાર્યું છે. તો ફૌજી બહેનનો ભાઈ પણ અગ્નિવિરમાં તાલીમ માટે પસંદગી પામતા એક ગામના ત્રણ યુવા લોકો ફૌજમાં જોડાઈ ચીખલી ગામનું નામ રોશન કરશે. ચીખલી ગામના અશ્વિનભાઈ પરબતભાઈ પામાકના લગ્ન ગત શાલ કોડીનાર તાલુકાનાના સરખડી ગામના મમતાબેન સાથે થયા હતા. મમતાબેન ના પિતા માનસિંહભાઈ રાઠોડ મચ્છીમારી વ્યવસાય કરે છે.માતા શાંતાબેન પણ ખેત મજૂરી કરે છે.પણ દીકરીની સૈન્યમાં જોડાવાની ઈચ્છા પૂર્ણ કરવા માતા-પિતાથી જે પણ બન્યું તે દીકરી માટે કર્યું હતું.) લગ્નના બીજા જ દિવસે મમતાબેનની સૈન્યમાં જોડાવા માટેની પરીક્ષા હતી. લગ્ન બાદ બીજા જ દિવસે બંને પતિ પત્ની ભુજ પરીક્ષા માટે ગયા હતા. મમતાબેન આ પરીક્ષા પાસ કરતા તુરત જ હરિયાણા ના ચંદીગઢ ખાતે આઈટીબીપી ભાનું (આર્મી )માં એક વર્ષની તાલીમમાં જોડાયા હતા અને એક વર્ષની તાલીમ પૂર્ણ કરી તા.૩/ ૧૦/૨૦૨૪ ના રોજ વતન આવ્યા હતા.જ્યાં તેઓનું ગામ લોકોએ ભવ્ય સ્વાગત કર્યુ હતું.આમ મમતાબેન અને અશ્વિનભાઈ સામાજિક રીતે તો પતિ પત્ની છે.પણ બંનેએ દેશ માટે સાંસારિક જીવન નો ત્યાગ કરી પોતાની ખુશીઓ નું બલિદાન આપ્યું છે. ચીખલી ગામના બીજા એક પરિવારની કહાની પણ દેશ દાઝથી ભરપુર છે. બાબુભાઈ દેવશીભાઈ વાઢેળ એક વીઘો જમીન ધરાવે છે અને મજરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.તેઓને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. આ પૈકીના બે સંતાનો જે દેશ માટે સમર્પિત કરી દેશ ભક્તિનો પરિચય આપ્યો છે. બાબુભાઈની દીકરી મધુબેન પણ ભુજ ખાતે સૈન્ય પરીક્ષા પાસ કરી હરિયાણા ચંદીગઢ ખાતે આઈટીબીપી (આર્મી )ના તાલીમ કેમ્પમાં જાડાઈ એક વર્ષની તાલીમ પૂર્ણ કરી તા.૩/૧૦/ ૨૦૨૪ ના રોજ બંને બહેનો વતન ચીખલી ગામે આવી પહોંચતા ગામ લોકોએ બંન્ને બહેનોનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત બાબુભાઈ વાઢેળનો પુત્ર ભાર્ગવ પણ અગ્નીવિરમાં પસંદગી પામતા તે પણ ટૂંક સમયમાં સૈન્ય તાલીમમાં જોડાશે. આમ નાના એવા ચીખલી ગામની બે બહેનો અને એક ભાઈ દેશ સેવામાં સમર્પિત થઈ ચીખલી ગામ, કોળી સમાજ અને તાલુકાનું નામ રોશન કર્યું છે.

# ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ જૂનાગઢ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટની શાનદાર ઉજવણી



જૂનાગઢ, તા.૭

ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ દ્વારા આયોજીત તા.૩-૧૦-૨૦૨૪ના રોજ ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓની ક્રિકેટ ટુર્નામેન્ટ સ્પર્ધાનુ આયોજન શાળાના મેદાનમાં સંસ્થાના પ્રમુખશ્રી જે.વી.બુટાણી, ટ્રસ્ટીશ્રી હરેશભાઈ પરસાણા, અજુડીયાસર, વઘાસીયાસર, ડોબરીયાસર, બામરોલીયા રવિસર, કિશનસર, અને શાળાના તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવેલ. ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૬ ટીમોએ ભાગ લીધેલ. એમ્પાયર તરીકે પલકસર, હપાણી રવિસર અને ગોહિલ દિવ્યાંગસર દ્વારા નિષ્ઠાપૂર્વક ફરજ બજાવેલ. લાઈવ રનીંગ કોમેન્ટ્રી સરળ અને રમુજ શૈલીમાં વાગડીયા હિરેનભાઈ દ્વારા કરવામાં આવેલ. ક્રિકેટનુ લાઈવ પ્રસારણ વાલીઓ પોતાના ઘરે-બેઠાં નિહાળી શકે તેવું આયોજન ઝાંઝરૂકીયા એવનસર અને ગામીસર દ્વારા કરવામાં આવેલ. રોયલ ચેલેન્જર બેંગલોર અને ગુજરાત લાયન ટીમ વચ્ચે ફાઈનલ રમાયેલ. તેમાં ગુજરાત લાયન ટીમ વિજેતા બનેલ. અને રનર-અપ ટીમને, મેન ઓફ ધ મેચ ક્રિશ મકવાણા, મેન ઓફ ધ સીરિઝ વાઢેર તેજસ તમામને શિલ્ડ અને પ્રમાણપત્ર મહાનુભવોને હસ્તે આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. શાળામાં માત્ર ક્લાસરૂમ શિક્ષણ નહિ. રમતગમત સ્પર્ધા દ્વારા સંઘ ભાવના વિકસે ખેલદિલી જેવા ગુણો પ્રાપ્ત થાય, સહકારની ભાવના વિકસે અને આરોગ્ય જળવાઈ રહે. આજના મોબાઈલ યુગમાં વિવિધ રમતોનુ મુલ્ય જળવાઈ રહે. આજનો વિદ્યાર્થી ભવિષ્યમાં આદર્શ નાગરીક બની સમાજ અને રાષ્ટ્રનુ ગૌરવ વધારે. તે અંગેનું સુંદર પ્રવચન. વઘાસીયાસર અને અજુડીયાસર દ્વારા આપવામાં આવેલ. શાળાના સમગ્ર સ્ટાફના સહકારથી સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# ઉના : ફાટર પે સે શાળાના ૫૦ બાળકોએ રીઝીયોનલ સાયન્સ સેન્ટરનું મુલાકાત લીધી




(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૭

ગીર સોમનાથ જીલ્લા ફાટસર પે સે શાળાના ૫૦ બાળકોએ **GUJCOST** ગાંધીનગર અને ધર્મભક્તિ લોકવિજ્ઞાન કેન્દ્ર સોમનાથના સહકારથી નિઃશુલ્ક રીઝિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગરની મુલાકાત લીધી હતી. એક દિવસના પ્રવાસ દરમ્યાન બાળકોને વિજ્ઞાન વિશે જુદી જુદી ગેલેરી દ્વારા કઈક નવું શીખવા મળ્યું હતું અને બાળકો તેમાંથી પોતાના વિષય અનુરૂપ બાબતોનો શિક્ષણમાં ઉપયોગ કરી શકશે. ફાટસર શાળાને નિઃશુલ્ક મુલાકાત આપવા બદલ શાળા પરિવાર તમામનો હૃદયપૂર્વક આભાર માને છે.

## સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારની ખેતીના પ્રશ્નો અને તેના ઉકેલ માટે

# કૃષિ વૈજ્ઞાનિકો, અગ્રણી સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓનો વર્કશોપ યોજાયો



જૂનાગઢ, તા.૭

સૌરાષ્ટ્ર-કચ્છમાં કાર્ય કરતી અગ્રણી સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી અર્ધ સરકારી સંસ્થાઓ તેમજ કૃષિ વૈજ્ઞાનિકો એકત્ર થઈ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારની ખેતીના વિકાસને લગતા પડકારો અને તેના ઉકેલ માટે ચર્ચા વિચારણા કરવા અને ભવિષ્યની રણનીતિ તૈયાર કરવા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ખાતે "રીસર્ચ ઓન રીજુવેનેશન ઓફ ડીગ્રેડેડ કોસ્ટલ એગ્રો ઈકો સીસ્ટમ ઓફ સૌરાષ્ટ્ર" યોજના અંતર્ગત સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી), આરટીટીસી કચેરી દ્વારા એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ

બદલાતા હવામાનને કારણે વરસાદની અનિયમિતતા, પુરની પરિસ્થિતિ, વાવાઝોડા, તાપમાનમાં થતા ફેરફારો વિગેરેને કારણે દરિયાકાંઠાના વિસ્તારોના પાક પર તેની વિપરીત અસરો જોવા મળે છે. દરિયાના ખારા પાણી ભૂગર્ભજળમાં ભળી જતા પિયત પાણીની ગુણવત્તા ખરાબ થવી તેમજ જમીનની ખારાશ અને ગુણવત્તા નબળી પડવા જેવા અનેક પડકારોનો સામનો ખેડૂતોને કરવો પડે છે. આવા સંજોગોમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રો દ્વારા અનેક સંશોધનો કરવામાં આવેલ છે અને તેને કેવીકે ના માધ્યમથી ખેડૂતો સુંધી પહોચાડવામાં આવેલ છે. સાથે સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ દરિયાકાંઠાના વિવિધ પડકારોને પહોચી વળવા જુદા જુદા પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે અને તેનો ખેડૂતોને પણ ખુબ સારો ફાયદો થયો છે. કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહિયારા પ્રયાસથી દરિયાકાંઠાની ખેતીને લગતા પડકારો સામે અસરકારક રણનીતિ તૈયાર કરી શકાય તે હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં આગાખાન રૂરલ સપોર્ટ ઈન્ડિયા, જી.એચ.સી.એલ. ફાઉન્ડેશન, અંબુજા ફાઉન્ડેશન, પીડીલાઈટ સીએસઆર, ઉત્થાન, એરીડ કોમ્યુનીટી એન્ડ ટેકનોલોજી ભુજ, ટાટા ટ્રસ્ટ, કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્શન સેલ, ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન, સેન્ટ્રલ સોઈલ સેલીનીટી રીસર્ચ ઈન્સ્ટીટયુટ ભરૂચ તેમજ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. આ વર્કશોપ દરમ્યાન દરેક સંસ્થાઓએ પોતાના વિસ્તારમાં કરવામાં આવતી કામગીરી, તેના તારણો, અને ભવિષ્યની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. સાથો સાથ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ પણ દરિયાકાંઠાના વિસ્તારોને લગતા સંશોધનો અને તેના તારણો રજુ કર્યા હતા.

આ કાર્યક્રમના ઉદ્દઘાટન પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના માન. કુલપતિ ડૉ.વી પી. ચોવટિયાએ જણાવ્યું કે, દરેક સંસ્થાઓ પોત પોતાના વિસ્તારમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે. તેમ છતાં કૃષિ યુનિવર્સિટીની સાથે રહી દરેક સંસ્થા એક પ્લેટફોર્મ પર આવી ચોક્કસ રણનીતિ તૈયાર કરી અને સહિયારો પ્રયાસ કરે તો હાલની વાતાવરણની વિપરીત પરિસ્થિતિમાં દરિયાકાંઠાની ખેતીનો સર્વાંગી વિકાસ થઈ શકે તેમ છે. સંશોધન નિયામકશ્રી, ડૉ. આર. બી. માદરીયાએ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ સંશોધન આધારિત ભલામણોનું અમલીકરણ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો તેમજ સ્વૈછિક સંસ્થાઓના માધ્યમથી દરેક ખેડૂત દ્વારા કરવામાં આવે તે હેતુથી સૌરાષ્ટ્ર-કચ્છમાં કાર્ય કરતી નામાંકિત સંસ્થાઓને સૌ પ્રથમ વખત એક પ્લેટફોર્મ પર લાવવા બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજના આચાર્ય અને ડીન ડૉ. એચ. ડી. રાંકના જણાવ્યા મુજબ જમીનની ખારાશ અને નબળી ગુણવત્તા વાળા પિયત પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે દરિયાકાંઠાના વિસ્તારોમાં સંકલિત જળ વ્યવસ્થાપન અને સુક્ષ્મ પિયત પધ્ધતિઓનો વ્યાપ વધે તે ખુબજ જરૂરી છે.

આ વર્કશોપમાં થયેલ મનોમંથનના ફળ સ્વરૂપે તારવવામાં આવેલ મુદ્દાઓને આવરી દરિયાકાંઠાની ખેતીનો સર્વાંગી વિકાસ કરવા એક ચોક્કસ રણનીતિ તૈયાર કરવામાં આવશે જેનો લાભ દરિયાકાંઠાના સર્વે ખેડૂતમિત્રોને મળશે તેવું આ વર્કશોપના આયોજક સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી) ડૉ. જી. વી. પ્રજાપતિએ જણાવેલ છે. આ વર્કશોપનું સંચાલન ડૉ. પી. એ. પંડ્યા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરવામાં આવ્યું અને વર્કશોપને સફળ બનાવવા આરટીટીસીના સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી. તેમ સંશોધક વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ એક યાદીમાં જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ગતિ પકડતું મેક ઈન ઈન્ડિયા અભિયાન

મેક ઈન ઈન્ડિયા મોદી સરકારની એક મુખ્ય યોજના છે. સપ્ટેમ્બર, ૨૦૧૪માં શરૂ થયેલ આ યોજના દસ વર્ષ પૂરાં કરી ચૂકી છે. આ અભિયાનનાં કેટલાંક ઘોષિત લ-યો હતાં, જેમ કે વિનિર્માણ ક્ષેત્રનો વિકાસ દર ૧૨-૧૪ ટકા પ્રતિ વર્ષ કરતાં ૨૦૨૨ સુધી જીડીપીમાં વિનિર્માણનું યોગદાન ૨૫ ટકા સુધી વધારવું અને ૨૦૨૨ સુધી અર્થવ્યવસ્થામાં વિનિર્માણ ક્ષેત્રની ૧૦ કરોડ વધારાની નોકરીઓ પેદા કરવી. હવે આ લ-યોને ૨૦૨૫ સુધી વધારવામાં આવ્યાં છે. જોકે હાલની ગતિ અને બુનિયાદી માળખાની કમીને કારણે આ મહત્ત્વાકાંક્ષી લ-ય ૨૦૩૦ સુધી પણ પૂરું થતું નથી દેખાતું. કોવિડ મહામારી દરમ્યાન એ પ્રચારિત કરવામાં આવ્યું કે ચીન છોડનારી કંપનીઓ ભારતમાં આવશે, પરંતુ તેમાંથી મોટાભાગની વિયેતનામ, તાઈવાન કે થાઈલેન્ડનો રસ્તો પકડ્યો અને માત્ર થોડી જ ભારતમાં આવી.

એ સાચું કે સરકાર નિરંતર આર્થિક વિકાસ કરવા અને આંતરરાષ્ટ્રીય વેપારમાં પ્રાસંગિકતા વધારવા માટે એક પ્રતિસ્પર્ધી અને ગતિશીલ વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરી રહી છે અને તેના સારા પરિણામ પણ કેટલાક ક્ષેત્રોમાં દેખાઈ રહ્યા છે. ભારતીય કંપનીઓ દ્વારા કોવિડ રસીઓનો વિકાસ એક મોટું ઉદાહરણ છે. સરકારના પ્રયાસોને કારણે ૨૦૧૪-૨૦૨૩ દરમ્યાન વિનિર્માણ ક્ષેત્રમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ વધ્યું છે. પરંપરાગત રૂપે રમકડાંનું આયાતકાર રહેલું ભારત હવે નિકાસકાર બન્યું છે. એપ્રિલ-ઓગસ્ટ ૨૦૨૨માં ભારતની રમકડાં નિકાસમાં ૨૦૧૩ની સમાન અવધિની તુલનામાં ૬૩૬ ટકાનો વધારો થયો. એ જ રીતે મોબાઈલ ઉત્પાદન ૨૦૧૪-૧૫માં ૧૮,૯૦૦ કરોડ રૂપિયાથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૨૪માં ૪,૧૦,૦૦૦ કરોડ રૂપિયાના અનુમાનિત બજાર સુધી પહોંચી ગયું. એરોસ્પેસ, નવીકરણીય ઊર્જા જેવા અન્ય ક્ષેત્રોમાં પણ પ્રગતિ થઈ રહી છે. આઈબીઈએફના રિપોર્ટ અનુસાર ૨૦૨૩માં વિનિર્માણ ક્ષેત્રએ અત્યાર સુધીનું સૌથી વધુ નિકાસ કરી, જે ૪૪૭.૪૬ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. વિશ્વ બેંક દ્વારા જારી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સમાં ૨૦૧૪માં ભારતનો રેક ૧૩૪મો હતો, જે ૨૦૨૩માં વધીને ૬૩ થઈ ગયો. વૈશ્વિક પ્રતિસ્પર્ધા રિપોર્ટ ઈન્ડેક્સમાં ભારત ૪૩મા સ્થાન પર છે, જે ૨૦૧૪માં ૬૦મા સ્થાન પર હતું. તેમ છતાં મેન્યુફેક્ચરિંગમાં સંભાવનાઓ સંપૂર્ણ સાકાર નથી થઈ રહી. એની અવગણના ન કરી શકાય કે હાલના વર્ષોમાં જનરલ મોટર્સ, મેન ટ્રક્સ, યુનાઈટેડ મોટર્સ, ફિઆટ અને હાર્લે ડેવિડસને ભારતીય બજારમાંથી વિદાય લેવાનો નિર્ણય કર્યો. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસો. અનુસાર આ કંપનીઓ જવાને કારણે ૬૫૦૦૦ નોકરીઓ ચાલી ગઈ. એક કંપની બંધ થવાથી હજારો શ્રમિકોનું વિસ્થાપન થાય છે.

આપણે ચીન સાથે તુલના કરવાનું પસંદ કરીએ છીએ. તેની જીડીપીમાં મેન્યુફેક્ચરિંગની હિસ્સેદારી ૩૪ ટકા છે. ભારતની તુલનામાં જીડીપીમાં વિનિર્માણનો મોટો હિસ્સો ધરાવતા અન્ય એશિયાઈ દેશોમાં દક્ષિણ કોરિયા (૨૬ ટકા), જાપાન (૨૧ ટકા), થાઈલેન્ડ (૨૭ ટકા), ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ (૧૯ ટકા) સામેલ છે. ચીને ખુદને દુનિયાના કારખાના રૂપે સ્થાપિત કર્યું છે અને વૈશ્વિક વિનિર્માણમાં તેનો હિસ્સો ૨૨.૪ ટકા છે, જ્યારે પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા હોવા છતાં ભારત વૈશ્વિક વિનિર્માણમાં માંડ ૨.૯ યોગદાન આપે છે. ચીનથી આયાત નાના ઉદ્યમોને મોટું નુકસાન પહોંચાડે છે. કારણ કે સસ્તા ચીની સામાનને કારણે ઘરેલુ કંપનીઓ માટે બજારમાં પ્રતિસ્પર્ધા મુશ્કેલ થઈ જાય છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ અનુસાર કેટલાંય આયાતી ઉત્પાદનો સ્થાનિક એમએસએમઈ દ્વારા બનાવવામાં આવે છે અને ઓછા ખર્ચવાળા ચીની ઉત્પાદનો સુધી આસાન પહોંચને કારણે તેમણે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. દાખલા તરીકે ચીન ભારતના ૯૬ ટકા છત્રીઓ, ૯૨ ટકા કૃત્રિમ ફૂલ અને માનવ વાળથી બનેલી વસ્તુઓની આપૂર્તિ કરે છે. ચીની આયાતે કાચના સામાનમાં ૬૦ ટકા, સિરામિક ઉત્પાદનોમાં ૫૧.૩, સંગીત વાદ્યયંત્રોમાં ૫૨, ફર્નીચર, બેડ અને લેમ્પમાં ૪૮.૭ ટકા, ઓજાર અને કટલરીમાં ૩૯.૪ ટકા, પથ્થર, પ્લાસ્ટર અને સીમેન્ટમાં ૪૯.૩ ટકા, ચામડાની વસ્તુઓના બજારના ૫૪ ટકા પર કબ્જો કરી લીધો છે. સરકાર દ્વારા રમકડાં પર સીમા શુલ્ક ૨૦ ટકાથી વધારીને ૭૦ ટકા કરવા ચતાં ભારતીય રમકડાં બજારમાં ચીનનો ૩૫ ટકા હિસ્સો છે. આ સ્થિતિ વિશે વિચાર કરવો જોઈએ.

હાલમાં વિનિર્માણને ઉત્તેજન આપવા માટે સરકારે કેટલાંક પગલાં ભર્યાં છે, પરંતુ હજુ જોઈતાં પરિણામ નથી મળ્યાં. ભારત ભવિષ્યમાં ખુદને આગામી વૈશ્વિક કારખાનું બનાવી શકે છે, પરંતુ તેના માટે વિનિર્માણ ક્ષેત્રને બોજરૂપ નિયમોથી છૂટકારો અપાવવો જરૂરી છે.

## સલાયામાં નવરાત્રી પર્વે બાલવી માતાજીના મંદિરે થઈ રહી છે ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલા અને અનેક શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર એવા આઈ શ્રી બાલવી માતાજીના મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. અહીં તમામ દસ દિવસ નિયમિત રીતે માતાજીની મહાઆરતી, ગરબા તેમજ સ્તુતિ કરવામાં આવે છે. આ સાથે દરરોજ વિવિધ પ્રકારના દર્શન લાઈટ ડેકોરેશન અને ફૂલો વડે શણગારના આયોજનમાં સેવાભાવી કાર્યકર ચિરાગભાઈ તન્ના (લાલજીભાઈ ભુવા) દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવે છે. આ આયોજનમાં નિયમિત રીતે સેવા આપતા જયરાજસિંહ રાઠોડ, વિજયગીરી ગોસ્વામી, અજયભાઈ તેમજ બાળવી મિત્ર મંડળની ટીમ દ્વારા જરૂરી સાથ સહકાર આપવામાં આવે છે. આ આયોજનમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો તેમજ બાળાઓ દર્શનનો લાભ લ્યે છે.

# તબીબી સેવા ક્ષેત્રે રાજકોટ એઈમ્સ પ્રગતિશીલ : ઓ.પી.ડી. ૩ લાખને પાર





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશીપણાથી સૌરાષ્ટ્રમાં ઉત્કૃષ્ટ સારવાર દર્દીઓને નજીવા દરે પ્રાપ્ત થાય તે માટે રાજકોટને એઈમ્સની ભેટ આપી, જેનું ખાતમુહર્ત અને લોકાર્પણ પણ ખુદ વડાપ્રધાને કર્યું હતું. કોરોનાની વિપરિત પરિસ્થિતિમાં ચાર વર્ષમાં ખુબ જ ટૂંકા ગાળામાં એઈમ્સનું ૮૦ ટકા જેટલું નિર્માણ પૂર્ણ થવામાં છે. એઈમ્સના નિર્માણની સાથોસાથ લોકોને આરોગ્ય સેવાનો લાભ મળી રહે તે માટે પ્રારંભથી જ ઓ.પી.ડી સેવા શરૂ કરી દેવામાં આવી હતી. જરૂરી બિલ્ડીંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૨૫ મી ફેબ્રુઆરીએ એઈમ્સના લોકાર્પણ સાથે ૨૫૦ બેડની ઈન્ડોર સેવા શરૂ કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં એઈમ્સ ખાતે ઉપલબ્ધ સેવાઓ સાથે આરોગ્યલક્ષી પ્રવૃતિઓની સેવાકીય ફલક પૂરૂ પાડતી આંકડાકીય માહિતી અત્રે એઈમ્સ ડિરેક્ટર ડો. સી.ડી.એસ. કટોચ દ્વારા પુરી પાડવામાં આવી છે. ડિરેક્ટર કટોચે જણાવ્યું છે કે, રાજકોટ એઈમ્સમાં માત્ર એક વર્ષના ગાળામાં ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ શરૂ કરી દેવામાં આવેલો, જે અંતર્ગત હાલ સુધીમાં ૩,૦૫,૫૪૦ જેટલા દર્દીઓનું નિદાન હાથ ધરાયુ છે. જેમાં ૫,૪૭૪ જેટલા ઈમર્જન્સી કેસ સામેલ છે. ૨૫૦ બેડની ઈન્ડોર સેવાના પ્રારંભ સાથે આજ સુધીમાં ૨,૨૭૧ જેટલા દર્દીઓને ઈનહાઉસ સારવારનો લાભ મળ્યો છે. જેમાં દાખલ દર્દીઓ પૈકી હાડકા, આંખ, કાન, નાક, ગળા, ગાયનેક સહિતના વિભાગમાં ૫૦૦ જેટલા મેજર અને ૨૫૦ જેટલા માઈનોર ઓપરેશન્સ કરવામાં આવ્યા છે. આ માટે જરૂરી લેબ, એક્સ-રે સહિતના રિપોર્ટ અહીં કરી આપવામાં આવે છે. હાલ સુધીમાં ૨,૨૦,૧૨૩ લેબોરેટરી ટેસ્ટ કરી આપવામાં આવ્યા હોવાનું ડિરેક્ટરશ્રીએ જણાવ્યું છે. અહી લેબમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, કોવીડ, ઝીકા વાઈરસ, ઈન્ફ્લ્યુએન્ઝા રોગના રિપોર્ટ્સ, હીમેટોલોજી સંબંધી બ્લડ, યુરિન સંબંધિત ૫૦થી વધુ રિપોર્ટ્સ કરી આપવામાં આવે છે. ક્લિનિકલ માઈક્રોબાાયોલોજી અને ઈન્ફેક્શન સબંધી રોગો માટે ૪૦ થી વધુ રિપોર્ટ્સ સુવિધા ઉપલબ્ધ છે. અત્યાધુનિક એન્થ્રોપોલોજી લેબોરેટરીમાં કુપોષણ, ઓબેસીટી અને ગ્રોથ રીટાર્ડેશન જેવા રોગોના નિદાન, ફોરેન્સિક મેડીસીનની મદદથી લેબોરેટરીમાં અજાણ્યા અસ્થિઓમાં રહેલા રહસ્યો ઉકેલી શકાશે. ફેફસાની કાર્યક્ષમતાનો ક્યાસ કાઢી આપતા મશીન "બોડી પ્લેથિસ્મોગ્રાફી" તેમજ ફેફસા અને હૃદયને લગતા રોગના નિદાન માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એઈમ્સ ખાતે ટ્રોમા અને ઈમરજન્સી વિભાગ, લેબ, એક્સ-રે, એમ.આર.આઈ. રેડિયોલોજી વિભાગ, ગાયનેક વિભાગ, સર્જરી વિભાગ કાર્યરત છે અને અન્ય સેવાઓ સમયાંતરે શરૂ કરવા રાજકોટ એઈમ્સ આગળ વધી રહી હોવાનું ડો. કટોચે જણાવ્યું છે. એઈમ્સ ખાતે ગંભીર રોગના દર્દીઓને નિદાન તેમજ સારવાર માટે જરૂરી સીટી સ્કેન, અલ્ટ્રા સાઉન્ડ મશીન હાલ ઉપલબ્ધ બન્યા છે, જેનું ઈન્સ્ટોલેશન કામગીરી પૂર્ણ થતા આશરે બે માસના સમય ગાળામાં આયુષ્માન ભારત સેવાનો લાભ દર્દીઓને મળવાનો શરૂ થઈ જશે. અહીં ઓ.પી,ડી. સેવા માટે આવતા દર્દીઓને પાર્કિંગથી ક્લિનિક સુધી જવા માટે બે બેટરી ઓપોરેટેડ ગાડી ઉપલબ્ધ છે તેમજ ઈમર્જન્સી વિભાગમાં દર્દીઓને તેમના વાહનમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી હોવાનું શ્રી કટોચે જણાવ્યું છે. એઈમ્સ ખાતે ટેલી મેડિસિન સેવા, જનજાગૃતિ અર્થે આરોગ્ય અને સમાજસેવાલક્ષી પ્રવૃતિઓ પણ સમયાંતરે હાથ ધરવામાં આવે છે. જેમાં બ્લડ ડોનેશન કેમ્પ, હેલ્થ ચેકઅપ કેમ્પ, સર્વ રોગ નિદાન કેમ્પ, વિશ્વ યોગ દિવસની ઉજવણી ,સ્વચ્છતા અભિયાન, વ્યસન મુક્તિ, વૃક્ષારોપણ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમિનારના આયોજન વગેરેનો સમાવેશ થાય છે. હાલ એઈમ્સ મેડીકલ કોલેજમાં ૨૫૦ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ.માં અભ્યાસ કરી રહ્યા છે, ૩૦ વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજયુએટ જયારે બે વિદ્યાર્થીઓ સુપર સ્પેશિયલિસ્ટ અને ૪ વિદ્યાર્થીઓ ફેલોશીપ કરી રહ્યા છે. એઈમ્સ પહોંચવા માટે મહાનગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા મલ્ટી કનેક્ટિવિટી રોડનું નિર્માણ કરાયું છે, પરિવહન માટે સિટી બસ સેવા ઉપલબ્ધ છે. આગામી સમયમાં રેલ સુવિધા મળી રહે તે માટે પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આવનારા સમયમાં પૂર્ણ કક્ષાના નિર્માણ અને ઈન્સ્ટોલેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ રાજકોટ એઈમ્સ સૌરાષ્ટ્ર અને ગુજરાતના લોકોને સુપર સ્પેશિયાલિટી સારવાર આપવા કટિબદ્ધ હોવાનું ડિરેક્ટર કટોચ ગૌરવ સાથે જણાવે છે.

## શિવરાજપુર બિચ ઉપર વાહનોની અવર-જવર તથા કચરો ફેંકવા ઉપર પ્રતિબંધ

દ્વારકા તા.૭

દેવભૂમિ દ્વારકામાં જિલ્લામાં આવેલ બ્લુ ફલેગ સર્ટીફિકેટ ધરાવતા શિવરાજપુર બીચની નિયમાનુસારની જાળવણીના હેતુથી દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ કેટલાક પ્રતિબંધો લગાવ્યાં છે, જે અનુસાર શિવરાજપુર બિચ ઉપર ૫ કિલોમીટરની ત્રિજયામાં નિર્ધારિત વિસ્તાર ઉપર પ્લાસ્ટીકના ઉપયોગ કે વપરાશ, વાહનોની અવર-જવર, કચરો ફેંકવા, કેમ્પેઈન કરવા ઉપર પ્રતિબંધ લગાવ્યો છ

## સિદ્દી ટેલેન્ટ આઈન્ડેટીફિકેશન પ્રોગ્રામ માટે ૭ દિવસ નિવાસી તાલીમ શિબીર આયોજન


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ગુજરાતભરના અંતરીયાળ વિસ્તારોમાં વસવાટ કરતા અને સંઘર્ષમય તેમજ કુદરતી રીતે વિપરીત પરિસ્થિતિઓમાં જીવન નિર્વાહ કરતા સમુહોના પરિવારજનો સાહસિકતા, સંઘર્ષ, સહનશિલતા, લડાયક જેવા ગુણો ધરાવતા હોય છે. ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં ખાસ કરીને ગીર સોમનાથ, જૂનાગઢ, ભરૂચ, જામનગર, કચ્છ સહિતના વિસ્તારમાં વસતા સિદ્દી સમાજની સુષુપ્ત રમત શક્તિઓને શોધી જુદી-જુદી રમતોમાં આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી સફળ થવા માટે તૈયાર કરવા તથા શિક્ષણનાં સમન્વય સાથે પ્રતિભાશાળી ખેલાડીઓની અલગ અલગ માધ્યમથી શોધ કરવામાં આવે છે. જે અનુસંધાને ગુજરાતનાં દરેક જિલ્લાઓમાં સિદ્દી સમાજના બાળકોમાં રહેલ રમતની પ્રતિભાને ઉજાગર કરવા સિદ્દી ટેલેન્ટ આઈન્ડેટીફિકેશન પ્રોગ્રામ થનાર છે. આગામી સમયમાં ૭ (સાત) દિવસ નિવાસી તાલીમ શિબીર યોજાનાર છે. જેમાં તા.૦૧-૦૧-૨૦૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૬ દરમ્યાન જન્મેલા સિદ્દી ભાઈઓ અને બહેનો પ્રતિભાવાન બાળકો માટે સિદ્દી રમત પ્રતીભા પસંદગી તાલીમ શિબીર-૨૦૨૪ નું આયોજન થનાર છે. જેમાં યોગ્યતા ધરાવતા તમામ સિદ્દી બાળકોના રજીસ્ટ્રેશન ફોર્મ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,જૂનાગઢ ખાતેથી મેળવી લેવા ઉપરાંત ફોર્મ પરત જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જૂનાગઢ ખાતે જમા કરવા વિશેષ અનુરોધ કરવામાં આવે છે. અને આ તાલીમ શિબીર પૂર્ણ થયા બાદ પ્રતિભાશાળી સિદ્દી ખેલાડીઓને ગુજરાત રાજ્ય સરકારની જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજનામાં સીધો જ પ્રવેશ ફાળવવામાં આવશે. સિદ્દી ટેલેન્ટ આઈન્ડેટીફિકેશનની પસંદગી કસોટી આગામી ૭ (સાત) દિવસ દરમ્યાન રહેશે તેમ જૂનાગઢ જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# પ્રભાસ તીર્થ શક્તિ પીઠ ચંન્દ્રભાગા : સોમનાથના સાનિધ્યે શક્તિપીઠ સ્વરૂપે બિરાજમાન છે માં મહાકાલી





(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૭

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ જે એક શક્તિ પીઠ તરીકે પણ ઓળખાય છે. જયાં પવિત્ર ત્રિવેણી સંગમ તટે, સાગર સરિતા મીલન સમીપે મોક્ષધામ એટલે કે સ્મશાન ગૃહની બરાબર સામે આવેલું છે માં મહાકાલીનું મંદિર.

સુંદર ભગવા કલરથી સુશોભીત મંદિર, યજ્ઞકુંડ, ૨૪ કલાક ધુણા અને અખંડ દિપમય. આ મંદીર વીષે મહંત હરિનારાયણગીરી ગુરૂ તપસી બાપુશ્રી મહંત શાંતાનંદગીરીજી કહે છે ભારતમાં માતાજીની જે એકાવન શક્તિ પીઠો આવેલ છે તે પ્રભાસ તીર્થની આ ચંદ્રભાગા પીઠ છે અહીં ઉદર પડયું હતું. જે પવિત્ર આ જગ્યા છે.

માતાજી મહાકાલીની દિવ્ય મુર્તી બિરાજમાન છે જયાં અત્યારે નવરાત્રીમાં બ્રાહ્મણો દ્વારા માતાજી પાઠ કરાઈ રહયા છે. અને મંદિરમાં અખંડ દિપ બારેય માસ જયોતિ પ્રજ્જવલિત રહે છે. સવારે પાંચ વાગ્યે અને સાંજે સંધ્યા સમયે આરતી કરાય છે અને બપોરના ભોગ ધરાવાય છે. પાંચમ સાતમે ગરબા પણ લેવાય છે અને કુમારીકાઓના પુજન કરાય છે.

મંદિર પરીસરમાં સ્વચ્છતા, ટાઈલ્સ બિછાવાયેલ છે. અને મંદિર પરિસરમાં જ દિવાલ ટાઈલ્સ ઉપર વિશાળ દેવ-દેવીઓના ચિત્રાંકન રખાયેલ છે. અને મંદીમાં જ દુર્ગેશ્વર મહાદેવ, દત્તાત્રેય મહારાજ, વક્તુંડ ભૈરવ, અખંડ ધુનો, ગુરૂ સમાધી દર્શનીય છે. મંદિરનો વિશાળ ઘંટ ભક્તજનો આસ્થા સાથે ભક્તિ એકાકાર બને છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે બીજાની વધુમાં વધુ સેવા બજાવે છે તે જ વધારેમાં વધારે સુખી છે.

- બુકર ટી. વોશિંગ્ટન

### : આજનું પંચાંગ :

: પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૪ લલીતા પંચમી તા.૭ ઓક્ટોબર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૩, અનુરાધા નક્ષત્ર, પ્રીતિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૪૫, સૂ.અ.૬:૩૩

આજનો દિવસ સવારે ૭:૪૭ ક. થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૦૭-૧૦-૨૦૨૪ થી ૧૩-૧૦-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઈ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે.મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઈ-ભાડું અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલમળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

## નવરાત્રી મહોત્સવના પર્વના ચોથા નોરતે માતાજી સ્વરૂપ સમાન નાની નાની બાળાઓને ગોરણીઓ કરી પગ ધોઈ પૂજન કરી ભોજન પ્રસાદ કરાવીને કટલેરીની કીટ અર્પણ કરતુ જૂનાગઢનુ ગિરનારી ગ્રુપ




### ગિરનારી ગ્રુપની સેવા ધન્ય છે. - ડૉ. ધર્મેશ ચૌહાણ (એમ.ડી. એનેસ્થેસીયા, ગોકુલ હોસ્પિટલ)

જૂનાગઢ તા. ૦૭

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જગત જનની "માં" જગદંબાનો નવરાત્રી મહોત્સવ નો પર્વ ચાલી રહ્યો છે ત્યારે ચોથા નોરતે ઝાંઝરડા ચોકડીએ આવેલ જલારામ ભક્તિ ધામ ખાતે જુનાગઢ શહેરના જુદા જુદા વિસ્તારો જેવા કે દોલતરા, ખામધ્રોળ, જોશીપુરા, જનકપુરી સોસાયટી, અગ્રાવત ચોક, મુબારક બાગ, વાલ્મિકી સમાજ, રાજલ વિઝલ ગરબી સહિત ડુંગરપુર, સોડવદર ગામડાઓમાં થતી શેરી ગરબીઓની અંદાજિત ૧૧૦૦ જેટલી નાની નાની બાળાઓ, દિવ્યાંગ સેવા સંસ્થા ના પ્રજ્ઞાચક્ષુ સહિતનાઓને ગોરણીઓ કરી તેમના પગ ધોઈ ચાંદલો કરી કંકુ, ચોખા લગાડી પૂજન અર્ચન કરીને ભોજન પ્રસાદ કરાવીને કટલેરીની કીટ આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં જલારામ ભક્તિ ધામના ટ્રસ્ટી શ્રીઓશ્રી પ્રો. પી. બી. ઉનડકટ, પ્રવીણભાઈ પોપટ, જતીનભાઈ કારીયા, મુકેશભાઈ કારીયા, તથા જગદીશભાઈ દતાણી, જોષીપુરા વિસ્તારના મનુભાઈ મોકરીયા, ધનજીભાઈ લુણાગરિયા, વજુભાઈ દુધાત્રા, સંજયભાઈ વાઢેર, મોહનભાઈ ચુડાસમા, સુરેશભાઈ વાઢીયા, સુભભાઈ વાઢીયા, વાઘમશીભાઈ, દીપલભાઈ રૂપારેલીયા, જનકભાઈ ટીલાવત સહિતના લોકોએ હાજરી આપેલ હતી. આ મહોત્સવને સફળ બનાવવા માટે ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓની જુદી જુદી ટીમ બનાવીને કામગીરી વહેંચણી કરવામાં આવી હતી. જેમાં સમીરભાઈ દવે, શૈલેષભાઈ દવે, કિર્તીભાઈ પોપટ, દિનેશભાઈ રામાણી, દેવાંગભાઈ પંડ્યા, લલીતભાઈ ગેરીયા, અક્ષિતભાઈ કુબાવત, સમીરભાઈ ઉનડકટ, ઋતિકભાઈ ગજ્જર, સુધીરભાઈ રાજા, મનીષભાઈ રાજા, ભરતભાઈ ભાટીયા, રાહુલભાઈ ભટ્ટ, ભાર્ગવભાઈ દેવમુદારી, કિરીટભાઈ તન્ના, યાત્રિકભાઈ ભટ્ટ, મૌલિકભાઈ ભટ્ટ, વિશાલભાઈ અભાણી, હાર્દિકભાઈ ઠાકર, હરિભાઈ કારીયા, કિશોરભાઈ પટોડીયા, ભાવેશભાઈ જેઠવા, લક્ષ્મણભાઈ સેવરા, કલ્પેશભાઈ રૂપાપરા, ગીતાબેન રૂપાપરા, પરેશભાઈ પંડ્યા, સંજયભાઈ સોલંકી, નેહલભાઈ પોપટ, પ્રશાંતભાઈ તોલાણી ભાવિનભાઈ ચિત્રોડા, પરેશભાઈ પાઠક, વિજયભાઈ જોરા, મીન્ટુબેન તન્ના, પરેશભાઈ સાવલિયા, સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

## જૂનાગઢ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ગરબે ઘુમતી ૨૦૦૦ બાળાઓને ભોજન અપાયું સાથે વાલ્મિકી સમાજની ૬૦૦ બાળા ઓને ભોજન કરાવ્યું




કિન્નર સમાજ (બહુચર માતાજીના આરાધક) અંધ દીકરી ઓ તેમજ દિવ્યાંગ દીકરી ઓને ગરબા રમાડી ભોજન કરાવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

નવરાત્રી પર્વની ઉજવણી નિમિતે જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા શહેરની પ્રાચીન ગરબી મંડળની ગોરણી પૂજન કરી ૬-૧૦-૨૦૨૪ને રવિવારના રોજ મયારામ દાસજી આશ્રમ ખાતે પ્રસાદી રૂપે ભોજન કરાવવામાં આવ્યું હતું. એટલું જ નહી વાલ્મિકી સમાજમાં યોજાતી પાંચ ગરબી મંડળની ૬૦૦ બાળાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેલ હતી. તેમજ શહેરના કિન્નર(બહુચર માતાજીના આરાધક) એવા નીલુ માસી, શારદા માસી તેમજ કિન્નર સમાજ બહુચર માતાજીના છંદ સાથે સાથે અંધ દીકરી ઓ તેમજ માખીયાળા મુકામે સાંત્વન સંસ્થા દિવ્યાંગ દીકરીઓ સાથે રાસ ગરબાની રમઝટ બોલવામાં આવી હતી. જૂનાગઢમાં જે બાળાઓ માતાજીના પ્રાચીન રાસ ગરબા રમે છે તેવી ૨૦૦૦ બાળાઓને દાતાઓના સહયોગથી કટલેરી કીટમાં ૧૫ જેવી ચીજ વસ્તુઓ તથા કિન્નર સમાજના દરેકને સાડી બ્લાઉઝ ચણીયો, બ્લેન્કેટ, ઘડિયાળ તેમજ રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરેલ હતા. આ સેવાયજ્ઞમાં પ્રવીણાબેન ચોક્સી, હરજીવન ભાઈ ગોપાણી, રાજેશભાઈ લાલચેતા, અધ્યાશક્તિબેન મજમુદાર, મનીષભાઈ લોઢીયા, અભયભાઈ ચોક્સી, જેઠાભાઈ હેમનદાસ, પુષ્પાબેન પરમાર, દયાબેન માણેક, નાગભાઈ વાળા, યુગ દેવાણી, કનકભાઈ ગગલાણી, જયાબેન પરમાર, યશભાઈ સોલંકી, વિજયાબેન લોઢીયા, કાંતિભાઈ મહેતા, હસમુખભાઈ ત્રિવેદી, જગદીશભાઈ વસાવડા વિગેરે ખાસ ઉપસ્થિત રહેલ અને બાળાઓને પ્રોત્સાહિત કરેલ હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે આ વર્ષે જે નાની બાળાઓની અમુક વિસ્તારમાં પ્રાચીન ગરબી બંધ થયેલ છે જે ફરી શરૂ કરવા માટે સામાજિક સંસ્થાઓએ આગળ આવવું જોઈએ પ્રાચીન ગરબીએ આપણી સંસ્કૃતિનું પ્રતીક છે તેની મર્યાદા જળવાઈ રહે તે માટે યુવા પેઢીઆ મૂળ સંસ્કૃતિનું મહત્વ સમજી તેને જાળવી રાખે તેની સાથે તાલ મિલાવે તે ખાસ જરૂરી છે. આ પ્રસંગને સફળ બનાવા પ્રમુખ મનસુખભાઈ વાજા, શાંતાબેન બેસ, મુકેશગીરી મેઘનાથી, અરવિંદભાઈ મારડિયા, દેવીદાસ નેણસાણી, બટુકબાપુ, અલ્પેશ પરમાર, કે.એસ. પરમાર, ચંપકભાઈ જેઠવા, કે.કે. ગોસાઈ, રણછોડભાઈ ગોડફાડ, કેતનભાઈ નાંઢા, દીપલભાઈ રૂપારેલિયા, મુકેશભાઈ પાંડવ, ચંદ્રિકાબેન પાંડવ, લાભુબેન ગોંડલીયા, શારદાબેન ગાજીપરા, પરેશભાઈ બાટવીયા વિગેરે દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ હતો.

## ૧૦૮ની સમયસર અને જરૂરી સારવારથી બે લોકોને નવું જીવન મળ્યું




જૂનાગઢ તા.૭

તારીખ ૦૫.૧૦.૨૪ નાં રોજ વડયા સરકારી હોસ્પિટલ એક બેન જે ડિલિવરી ના દુઃખા વા સાથે હોસ્પીટલ આવેલ.

જેને ફરજ પર ના dr ચેક કરતા માલુમ થયું કે બેન નાં પેટ માં રહેલ બાળક ઊંધું છે. અને અધૂરા મહિને ડિલિવરી નો દુઃખાવો થયેલ આવા સંજોગમાં dr તુરંત ૧૦૮ નો સંપર્ક કરેલ.

ભેસાણ ૧૦૮ ફરજ બજાનારા ઇ એમ ટી હીરેન નદાનીયા અને પાયલોટ રાહુલ પીપલીયા તુરંત વડ્યા CHC ma પહોંચી ગયેલ અને બેન ને ૧૦૮એમ્બ્યુલન્સ મારફત બેનને શિફટ કરેલ.

પરંતુ રસ્તા માં બેન ને ડિલિવરી નો અસહ્ય દુઃખાવો થવા થી. એમ્બ્યુલન્સ માં સફળતા પૂર્વ ડિલિવરી કરવી.

પરંતુ અધૂરા મહિને ડિલિવરી થવા થી બાળક તંદુરસ્ત ન હતું અને શ્વાસ પણ લય રહિયું ન હતું.

આવી પરસ્થિતિમાં માં. ઈએમટી હીરેન નદાનિયા તુરંત અમદાવાદ ૧૦૮ હેડ ઓફીસ dr. સાથે વાત કરી કુત્રિમ શ્વાસ અને o2 અને જરૂરી સારવાર ૧૦૮ માં જ આપી.. આમ ૧૦૮ સારવાર થી બે અમૂલ્ય જીવ ને નવું જીવન મળ્યું.

સારી કામગીરી બદલ જુનાગઢ જિલ્લાના અધિકારીઓ દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓની સરહારનીય કામગીરીને બિરદાવવા માં આવી.

## અભયમની ટીમે રાહ ભટકી ગયેલા યુવાનને પતિ તથા પિતા તરીકેની જવાબદારીનું કરાવ્યું ભાન

### કેશોદ તાલુકામાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન સેવાના કુશળ કાઉન્સિલિંગ દ્વારા પતિ પત્નીના ઝઘડાનું સુખદ સમાધાન કરાવેલ : ૧૮૧ અભયમ ટીમ દ્વારા શાળામાં કરવામાં આવેલ જાગૃતિ કાર્યક્રમથી અભ્યાસ કરતી બાળકીએ માતાને ૧૮૧ સેવાની મદદ લેવા જણાવેલ : પતિ ચારિત્ર્ય ઉપર શંકા કરતો હોવાથી તેના ત્રાસથી કંટાળી ગયેલી મહિલાએ માંગી હતી અભયમની મદદ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

મહિલા હેલ્પલાઈન સેવા ૧૮૧ ખરા અર્થમાં મહિલાઓ માટે મદદરૂપ બની રહી છે તેની સાથોસાથ અનેક પરિવારોમાં થતા સામાન્ય ઝઘડાઓ મોટું સ્વરૂપ ધારણ કરી લે છે ત્યારે ૧૮૧ની ટીમની દરમિયાનગીરીથી આવા ઝઘડાઓ શાંત પડે છે તેની સાથોસાથ ભાંગતા પરિવારો પણ બચે છે તેનાથી સમાજને ખૂબ મોટો ફાયદો થઈ રહ્યો છે ત્યારે આવો જ એક કિસ્સો કેશોદ તાલુકામાં બન્યો છે કે જેમાં એક યુવાનને પતિ અને પિતા તરીકેની જવાબદારીનું સાચું ભાન ૧૮૧ ની ટીમે કરાવતા તેની પત્નીએ અભયમની ટીમનો દિલથી આભાર માન્યો હતો. બનાવની વિગત એવી છે કે કેશોદ તાલુકાના એક ગામડામાંથી એક મહિલાએ ૧૮૧ અભયમ ટીમની એવી મદદ માગી હતી કે તેના પતિને સમજાવવા માટે મદદરૂપ બને. એ મહિલા શ્રમિક પરિવારની હતી અને મજૂરી કરવા માટે જાય ત્યારે તેનો પતિ તેના ચારિત્ર્ય ઉપર વારંવાર શંકા કરતો હતો અને આ શંકા ને લીધે દંપતિ વચ્ચે અવારનવાર નાના મોટા ઝઘડાઓ થતા હતા અને તેની અત્યંત ગંભીર એવી સીધી અસર તેમના સંતાનો ઉપર થતી હતી. મહત્વની બાબત એ હતી કે આ પરિવાર આર્થિક રીતે નબળો હતો તેથી મહિલાએ ફરજિયાત પણે મજૂરી કર્યા સિવાય કોઈ છૂટકો નહોતો અને તેથી જ્યારે જ્યારે તે મજૂરીએ જ હતી ત્યારે ત્યારે પતિ દ્વારા થતી શંકાને લીધે માથાકૂટ વધતી જતી હતી. આ બાબતે વારંવાર ઝઘડા થતા હોવાથી આ મહિલા કંટાળી ગઈ હતી અને વધુ એક ઝઘડો થતાં પતિ પોતાની જવાબદારીમાંથી વિમુખ થઈ ગયો હતો અને પત્ની તથા તેની ત્રણ દીકરીઓને છોડીને પોતાના ભાઈઓના ઘરે રહેવા ચાલ્યો ગયો હતો. બે ત્રણ દિવસ એ યુવાન ત્યાં રહ્યો હતો અને ઘરે પાછો આવ્યો ન હતો એ દરમિયાન તેની પુત્રીને શિષ્યવૃત્તિ મેળવવા માટે ના અગત્યના દસ્તાવેજ ની જરૂર પડી હતી તે ઉપરાંત આ કામમાં પિતાએ ફરજિયાત પણે ત્યાં હાજર રહેવાનું હોવાથી તેને જાણ કરી હતી પરંતુ પિતાએ પુત્રી સાથે આવવાની ચોખ્ખી ના પાડી દેતા પરિસ્થિતિ વધુ બગડી ગઈ હતી. આથી આ યુવાનની પત્નીએ વધુ એક વખત પતિને સમજાવવાની કોશિશ કરી હતી પરંતુ ઝઘડાનો ઉકેલ આવવાને બદલે વધુ ઉગ્ર માથાકૂટ થઈ હતી. ગત માસમાં શાળામાં કરવામાં આવેલ જાગૃતિ કાર્યક્રમના લીધે તેની પુત્રીને ૧૮૧ અભયમ સેવા અંગે માહિતી મળી હતી તેથી તેના પુત્રી એ તેની માતા ૧૮૧ અભયમ સેવા વિશે જાણ કરી હતી અને એવું જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન આપણા માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થશે. તેથી આ મહિલાના જીવમાં જીવ આવ્યો હતો અને અંતે તેણે ૧૮૧ ની મદદ માંગી હતી ત્યારે તેમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા કાઉન્સેલર દક્ષાબેન ચાવડા સહિત સ્ટાફ તાત્કાલિક મહિલાની મદદ માટે ત્યાં દોડી ગયો હતો અને એ મહિલા અને તેની પુત્રીઓને સાંત્વના આપવાની સાથો સાથ આશ્વાસન આપ્યું હતું અને કાઉન્સેલિંગ કરીને સમગ્ર હકીકત અને તેની સમસ્યાઓ અને કેસની વિગત ઊંડાણથી જાણી હતી. ત્યારબાદ એવો નિષ્કર્ષ આવ્યો હતો કે મહિલાના પતિને સમજાવો અને કાઉન્સેલિંગ કરવું ખાસ જરૂરી છે આથી કાઉન્સેલર દક્ષા ચાવડા એ તે મહિલાના પતિ સાથે વાતચીત કરી હતી અને એક પતિ અને પિતા તરીકેની સાચી જવાબદારીનું ભાન કરાવ્યું હતું. એટલું જ નહીં પરંતુ પત્નીના ચારિત્ર્ય ઉપર વારંવાર ખોટી શંકા કુશંકા કરવી એ એક પ્રકારનો ગંભીર ગુન્હો છે અને તેમાં કાનૂની કાર્યવાહી પણ થઈ શકે છે તેની સમજ આપી હતી. લગ્નજીવન દરમ્યાન સંસારમાં નાના-મોટા ઝઘડાઓ થતા હોય છે પરંતુ તેને મોટું સ્વરૂપ આપવું જોઈએ નહીં તેવી પણ વિસ્તૃત સમજ આપી હતી. એટલું જ નહીં પરંતુ જો તે દસ્તાવેજ આપે નહીં તો તેનાથી તેની પુત્રીના અભ્યાસ ઉપર પણ માઠી અસર થઈ શકે છે તે અંગેની સમજ અપાઈ હતી. અભયમ સેવાના કાઉન્સેલર દક્ષા ચાવડાની સમગ્ર વાત એ યુવાનના ગળે ઉતરી હતી અને તેને જવાબદારીનું ભાન થયું હતું તેથી તેણે પોતાની ભૂલ સ્વીકારીને જણાવ્યું હતું કે હું મારી પત્ની ના ચારિત્ર્ય ઉપર કારણ વગર ખોટી શંકા કુશંકા કરું છું હવે ફરીથી આવું ક્યારેય કરીશ નહીં અને હું અત્યારે જ મારી પત્ની અને પુત્રીઓ સાથે ઘરે રહેવા ચાલ્યો જઈશ અને મારી ફરજ અને જવાબદારીને યોગ્ય રીતે નિભાવીશ. ત્યારબાદ એ યુવાન પત્ની અને પુત્રીઓ સાથે રહેવા ચાલ્યો ગયો હતો અને હસી ખુશીથી રહેવા લાગ્યો હતો. તેનું ફોલોઅપ પણ અભયમની ટીમે લીધું હતું. આમ મહિલા હેલ્પલાઈન સેવા એ એક પરિવારને તૂટતો બચાવ્યો છે અને મહત્વની સામાજિક જવાબદારી અદા કરી છે.

## સમોશરણ દિગંબર જૈન મંદિર, ગિરનાર તળેટી જૂનાગઢ ખાતે વિરાટ દિવ્યાંગ શિબિર યોજાઈ




જૂનાગઢ તા.૭

સમોશરણ દિગંબર જૈન મંદિર, ગિરનાર તલેટી ખાતે અખિલ ભારતીય સંગઠન તરુણ મિત્ર પરિષદ, દિલ્હી દ્વારા આયોજિત શિબિરને દીપ પ્રગટાવીને ઉદ્ઘાટન કરતાં મુખ્ય મહેમાન મેયર ગીતાબેને જણાવ્યું હતું કે તરુણ મિત્ર પરિષદે દિવ્યાંગો માટે શિબિર યોજીને પ્રશંસનીય કાર્ય કર્યું છે. જૂનાગઢમાં. તેમણે શિબિરના મુખ્ય સમર્થક મૃદુલા જૈન પરિવારના સહકારને મંજૂરી આપી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને શ્રી વિશ્વ શાંતિ નિર્મળ ધ્યાન કેન્દ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી મયુર જૈને જણાવ્યું હતું કે તરુણ મિત્ર પરિષદે અમારા કેમ્પસમાં શિબિરનું આયોજન કરીને અમને આ મહાન સામાજિક કાર્યમાં સહકાર આપવાની તક આપી છે, જે પ્રશંસનીય છે. કાર્યક્રમમાં ઉપસ્થિત આસીસ્ટન્ટ કમિશનર કલ્પેશ થોલીયા, ડો. પ્રોફેસર વિશાલ જોષીએ પણ સંબોધન કર્યું હતું. કાઉન્સિલના જનરલ સેક્રેટરી અશોક જૈને જણાવ્યું હતું કે, મૃદુલા જૈન અને ઓશો જૈન કાગજી પરિવાર, દિલ્હીના સહયોગથી નરેશચંદ જૈનની સ્મૃતિમાં આયોજિત આ ૫૩માં દિવ્યાંગ શિબિરમાં ૨૯ વિકલાંગોને કૃત્રિમ અંગો (હાથ-પગ) આપવામાં આવ્યા હતા. ૨૦ પોલિયો અસરગ્રસ્ત બાળકોને કેલિપર, ૪ ઓર્થોશો, ૮ લાકડીઓ, ૧ વોકર વગેરે આપવામાં આવ્યા હતા અને ૧૪ શ્રવણશક્તિ ધરાવતા વૃદ્ધોને શ્રવણ સહાય પૂરી પાડવા માટે, તેમની પસંદગી અને માપન કરવામાં આવ્યું હતું, જે દિલ્હી સ્થિત વર્કશોપમાં બનાવવામાં આવશે અને ૨૬મીએ અહીં વિતરણ કરવામાં આવશે. ઓક્ટોબર. આ પ્રસંગે કાઉન્સીલના જોઈન્ટ સેક્રેટરી આલોક જૈન, રવીન્દ્ર કુમાર જૈન, મૃદુલા જૈન, ઓશો જૈન, ટ્રસ્ટના ટ્રસ્ટી વિમલ કુમાર જૈન વગેરે સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં પરિષદના જનરલ સેક્રેટરી અશોક જૈને જૂનાગઢ પ્રશાસન, મંદિરના ટ્રસ્ટી પારસ જૈન બડગે, મેનેજર જીતેન્દ્ર જૈન (જીતુ ભાઈ) અને મુખ્ય સહયોગીઓ મૃદુલા જૈન અને ઓશો જૈન કાગજી પરિવાર, દિલ્હીના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## કેશોદ તાલુકાનો સ્વાગત ઓનલાઇન ફરિયાદ નીવારણ કાર્યક્રમ તા.૨૩ ઓક્ટોબરના યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ તેમજ લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કેશોદ તાલુકા માટે સ્વાગત ઓનલાઈલ કાર્યક્રમ તા.૨૩-૧૦-૨૦૨૪ (બુધવાર) સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, કેશોદ તાલુકા સેવા સદન, માંગરોળ રોડ, કેશોદ ખાતે યોજાશે તથા ગ્રામ્ય કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ સબંધિત ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં અરજી રજુ કરવા લોકોને તાલુકા મથકે આવવું ન પડે તે માટે જે તે ગામના તલાટીને દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં તેમના પડતર પ્રશ્નો રજુ કરી શકશે. આ કાર્યક્રમમાં અરજદાર મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆત વાળી અરજીઓ, કચેરીના એક કરતા વધુ વિભાગીય પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વગાત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઈ શકશે નહી તેમ કેશોદ મામલતદારની એક

## જૂનાગઢ જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અનાજ કીટનું વિતરણ કરાયું


જૂનાગઢ તા.૭

જૂનાગઢ જીલ્લા નિવૃત પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા દર મહિનાની ૫ તારીખે ગરીબોને અંધ, અપંગ, કેન્સરગ્રસ્ત જરૂરીયાતોને અનાજ કીટ આપવામાં આવે છે. જે અંતર્ગત શનિવારના તા.૫ના રોજ દાતા અશ્વીનભાઈ રાવલ(૫૦ કિલો ઘઉં), અ.સૌ.સંધ્યાબેન(૫૦ કિલો ઘઉં),છગનભાઈ પી જાદવ(૫૦ કિલો ચોખા), તેલ ડબ્બો-૧ મગનભાઈ એ.મેનપરા તરફથી અને બિસ્કીટ ચંદ્રશંકર જોષી દ્વારા ચાર ડઝન આપવામાં આવેલ. આ સતકર્મ સેવાકાર્ય ૨૦૧૭થી દર માસે ૫મી તારીખે આપવામાં આવે છે. અન્ય દાતાશ્રીઓને આ સેવા કાર્યમાં યથા યોગ્ય દાન આપવા સંસ્થાના પ્રમુખ એમ.બી.ડાંગર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## માંગરોળમાં પશુપાલકોને થઈ રહેલા અન્યાય અંગે આવેદનપત્ર પાઠવાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૫



દુધમાં ફેટ માપવાના ઈલે. મશીનોમાં થઈ રહેલી ગરબડથી પશુપાલકોને થઈ રહેલો અન્યાય અને ડુપ્લીકેટ દુધના ઉત્પાદન અને વેચાણથી જોખમાઈ રહેલી માનવ જીંદગીઓ અંગે દુધ ઉત્પાદક સહયોગ અને વિકાસ મંડળે માંગરોળ મામલતદારને આવેદન પાઠવી કાર્યવાહીની માંગ કરી છે. પશુપાલકોએ જણાવ્યું હતું કે દુધ ગ્રામ્ય લેવલે ખેડૂતો, પશુપાલકોનો પૂરક ધંધો છે. હાલમાં નિરણ, ખાણ, પશુઓનું રખરખાવ, અન્ય ખર્ચાઓથી પશુપાલનનો વ્યવસાય કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. ત્યારે દુધનો ભાવ નક્કી કરવા ફેટ ટેસ્ટીંગ મશીનોનો ઉપયોગ થઈ રહ્યો છે. જેમાં સેટીંગથી ફેટમાં વધ ઘટ થઈ શકે છે. પરિણામે પશુપાલકોને પ્રતિ લીટર ૨ થી ૧૦રૂ.નું આર્થિક નુકસાન જઈ રહ્યું છે. પશુપાલકો સાથે થઈ રહેલી છેતરપીંડીની ફરીયાદ ક્યા વિભાગમાં કરવી? તેવો પ્રશ્ન ઉઠાવાયો છે. આ ઉપરાંત આજુબાજુના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ડુપ્લીકેટ દુધનું ઉત્પાદન અને વેચાણ થઈ રહ્યું છે. જેની લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થઈ રહી છે. ડુપ્લીકેટ દુધ બનાવનારા તત્વો હાલ બજારની જરૂરીયાત મુજબનું દુધ પુરૂ પાડી રહ્યા છે. પરિણામે સાચા અને પૌષ્ટિક દુધના ભાવો દરરોજ પ્રભાવિત થઈ રહ્યા છે.

એક અંદાજ મુજબ પશુપાલકોને લીટર દીઠ રૂા.૧૦નું નુકશાન વેઠવું પડે છે. આ બાબતે ગરીબ પશુપાલકોના હિતમાં તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે.

# ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી






## માતાજીની આરાધનારૂપે બાળાઓ દ્વારા રજુ થતા રાસ નિહાળવા લોકો ઉમટી પડયા

જૂનાગઢ તા.૭ જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ગરબી મંડળની બાળાઓ દ્વારા રજુ થતા રાસ નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. માતાજીનાં રાસ દુહાની રમઝટ સાથે વિવિધ રાસનાં કાર્યક્રમો યોજાઈ છે. ગાંધીગ્રામ ગરબી મંડળ ખાતે વિવિધ ક્ષેત્રનાં આગેવાનો, મહાનુભાવો, અધિકારીગણ, વગેરે પણ રોજે રોજ ઉપસ્થિત રહી અને માતાજીની આરતીનો લ્હાવો મેળવે છે. ગાંધીગ્રામ ગરબી મંડળનાં વીરભાઈ મોરી અને કાર્યકર્તાઓ દ્વારા તેઓનું ઉમળકાથી સ્વાગત કરવામાં આવે છે. ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા ૨૦૦૧થી ૨૦૨૪ સુધી યોજાઈ રહેલા નવરાત્રીના મહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા માટેની તનતોડ મહેનત કરનારા ગાંધીગ્રામ ગરબી મંડળના કાર્યકર્તાઓ સર્વશ્રી વીરાભાઈ મોરી, જીગ્નેશભાઈ દવે, મજીદ ચૌહાણ, નાથાભાઈ આહીર, ડાયાભાઈ મોરી, શાહરૂખ મકવાણા, કેતન આહીર, ભાવેશ મોરી, મીત કોડિયાતર, મેણશિભાઈ વાજા, પ્રફુલભાઈ શાહ, મનસુખભાઈ હડિયલ, સુરેશભાઈ સચનિયા, મેહુલ કોઠારી, યશ જોટનીયા, યશરાજ ગઢવી, ક્રિશ ચૌહાણ, કુમેશ મોરી, જીગ્નેશભાઈ બારૈયા તેમજ ગાંધીગ્રામ ગરબી મંડળમાં બાળાઓને રાસ ગરબાની પ્રેકટીસ કરાવનાર કુસુમબેન મહેતા, બંશીબેન નંદાણીયા, પુરીબેન કરમટા, હિનાબેન કરમટા, શીતલબેન મોરી, કોમલબેન બામરોટીયા, દિશાબેન ત્રિવેદી, રાધીકાબેન વગેરે દ્વારા પણ સતત જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ગાંધીગ્રામ ગરબી મંડળની બાળાઓ દ્વારા સુંદર મજાના રાસ રજુ કરી માતાજીની આરાધના કરવામાં આવી રહી છે. પ્રખ્યાત રાસોને નિહાળવા ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ભૂતનાથ મહાદેવ મંદિર ગ્રાઉન્ડ ખાતે

# શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રહમ સેવા સમિતી જૂનાગઢ દ્વારા નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી

## આર.બી.મ્યુઝીકલનાં સથવારે રૂગ્વેદ બારડ, કંદર્પ શુકલ તથા શિલ્પા ધોનાં સુરીલા કંઠે માતાજીનાં ગરબા, દુહા-છંદ સાથે રાસ ગરબાની





જૂનાગઢ તા.૭ શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રહ્મ સેવા સમિતી જૂનાગઢ દ્વારા છેલ્લા આઠ વર્ષથી ભવ્ય સફળતા બાદમાં નવદુર્ગાની અસીમ કૃપાથી આ વર્ષે પણ યુવાનોના થનગનાટ તથા આપણી દિકરી આપણે ત્યાંનાં શુભહેત સાથે નવરાત્રી રાસોત્સવ-૨૦૨૪નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને ભૂતનાથ મહાદેવ મંદિર ગ્રાઉન્ડ ખાતે તા.૩ ઓકટોબરથી ૧૨ ઓકટોબર-૨૦૨૪ સુધી રાસોત્સવ યોજાઈ રહયો છે. આર.બી. મ્યુઝીકલના સથવારે રૂગ્વેદ બારડ, કંદર્પ શુકલ તથા શિલ્પા દવેના સુરીલા કંઠે ગવાતા માતાજીનાં ગરબા દુહા છંદના ભક્તિભર્યા માહોલ સાથે ખેલૈયાઓ રાસ-ગરબાની રમઝટ બોલાવી રહયા છે.

દર વર્ષની જેમ આ વર્ષે શ્રી સોરઠીયા શ્રી ગૌડ માળવીય બ્રહ્મ સેવા સમિતી દ્વારા યોજાયેલા નવરાત્રી રાસોત્સવનાં કાર્યક્રમને સફળ બનાવવા માટે પથદર્શક મહેન્દ્રભાઈ ભટ્ટ, સનતભાઈ પંડયા, ધીરૂભાઈ પુરોહિત, શૈલેષભાઈ દવે તેમજ હોદ્દેદારો આકાશ દવે(પ્રમુખ), કેતનભાઈ ભટ્ટ (મહામંત્રી), વિરાજ પંડયા (ઉપપ્રમુખ), હિતેષ પુરોહીત (ખજાનચી), પિયુષ પુરોહીત (મંત્રી), જીજ્ઞેશ ભટ્ટ (સહખજાનચી)તેમજ સભ્યશ્રીઓ રાજુભાઈ દવે, ભાર્ગવ દવે, ભાવેશ પુરોહીત, યોગેશ પુરોહીત, નિરવ પુરોહીત, નિનાદ પંડયા, હાર્દિક પુરોહીત, હેરત પુરોહીત, દર્શિત દવે, હારીત પુરોહીત, દેવમ(ભોલુ) પંડયા, હેમાંગ દવે, જય ભટ્ટ, પાર્થ ભટ્ટ, ધાર્મીક ભટ્ટ, ચિંતન પુરોહીત, સ્મીત દવે, કશ્યપ દવે, કરણ પંડયા, પ્રીયાંશુ પુરોહીત, ભાર્ગવ પંડયા, કેયુર પુરોહીત, સીતાબેન દવે, જાગૃતિબેન પુરોહીત વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. મુખ્ય શુભેચ્છક હિતેષભાઈ દવે તથા શ્રીમતી જયશ્રી બેન દવે ડીવાઈન ટ્રેડર્સ પરિવા રહયા છે તેમજ શુભેચ્છક તરીકે શ્રી અજીતભાઈ પંડયા તથા શ્રી ભાવિક પંડયા છે. શ્રી સોરઠીયા શ્રી ગૌડ માળવીય બ્રહ્મ સેવા સમિતી જૂનાગઢ દ્વારા આયોજીત નવરાત્રી રાસોત્સવ ભારે ઉત્સાહભેર ઉજવાઈ રહયો છે.

## ભેંસાણ : નોકરી આપવાની લાલચ આપી યુવાન સાથે રૂા.૯.૩૨ લાખની છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭ ભેંસાણ તાલુકાના છોડવડી ગામે રહેતા યુવાનને સુરેન્દ્રનગરના શખ્સે ગાંધીનગર મ્યુનીસીપાલીટીમાં નોકરી આપવાની લાલચ આપી સરકારની નોકરી આપવાના બહાને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનો બનાવટી કોલ લેટર આપી રૂા.૯.૩૨ લાખની છેતરપીંડી કર્યાની ફરીયાદ ભેંસાણ પોલીસ મથકે નોંધાઈ છે.


આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસ મથકે ભાવીનભાઈ રતીલાલભાઈ (ઉ.વ.૨૪) રહે.છોડવડી, તા.ભેંસાણવાળાએ દેવેન્દ્ર કિશોરભાઈ હડીયાલ રહે.કોઠારીયા તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગરવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ફરીયાદીને ગાંધીનગર મ્યુનીસીપાલીટીમાં નોકરી આપવાની લાલચ આપી સરકારી નોકરી આપવાના બહાને ફરીયાદી પાસેથી ડોક્યુમેન્ટ વેરીફીકેશનનુ સોગંદનામુ કરાવી અંગ્રેજીમાં ટાઈપ કરેલ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનનો બનાવટી કોલ લેટર આપી તે પેટે ફરીયાદી પાસેથી અલગ અલગ તારીખ અને સમયે કુલ રૂા.૯,૩૨,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી ફરીયાદી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ ભેંસાણ પીએસઆઈ કાતરીયાએ હાથ ધરી છે.

## વંથલીના વાડલા ગામે બે મકાનોના તાળા તોડી રૂા.૪.૦૩ લાખની મતાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭ વંથલી તાલુકાના વાડલા ગામે તસ્કરોએ મુકામ કર્યો હોય તેમ બે બંધ મકાનને નિશાન બનાવી રોકડ સહિત સોનાના દાગીના મળી કુલ ૪.૦૩ લાખની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે કાન્તીભાઈ મુળજીભાઈ વડારીયાએ અજાણ્યા ચોર શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે તા.૫-૧૦-૨૪ના સાંજના ૬ વાગ્યાથી તા.૬-૧૦-૨૪ના ૧૨ વાગ્યા દરમ્યાન અજાણ્યા ચોર ઈસમે ફરીયાદી ઘરના તાળા તોડી ફરીયાદીનાં ઘરના કબાટમા રાખેલ રોકડા રૂા.૧,૦૩,૦૦૦, એક સોનાનો જુનવાણી ચેઈન કી.રૂા. આશરે ૯૦.૦૦૦, કાનમા પહેરવાની જુનવાણી સોનાની બુટી જોડી ૦૨ નંગ કી.રૂા.આશરે ૪૫,૦૦૦, કાનમા પહેરવાનું જુનવાણી સોનાનું ઠોરીયુ નંગ ૧ કી.રૂા.આશરે ૪૫,૦૦૦ મળી કુલ રૂા.૨.૮૩,૦૦૦ મત્તાની તથા સાહેદ બીપીનભાઈના ઘરના તાળા તોડી રોકડા રૂા.૧,૨૦,૦૦૦ મળી કુલ કી.રૂા.૪,૦૩,૦૦૦ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર સોમનાથ સાઈન્સ એકેડેમી ધોરણ-૧૨ એથલેટીક સ્કૂલમાં અભ્યાસ કરતી વાઢેર દીક્ષિકાબેન માવજીભાઈ વાઢેરએ ૨૦૦ મીટર દોડમાં મેળવ્યો ગોલ્ડ મેડલ




(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૭ સોમનાથ સાયન્સ એકેડેમી કોડીનાર ધોરણ-૧૨માં એથ્લેટીક સ્કૂલમાં અભ્યાસ કરતી દીક્ષિકાબેન માવજીભાઈ વાઢેરએ તારીખ ૫-૯-૨૦૨૪ના મહારાષ્ટ્રના નાગપુર મુકામે ૩૫મી વેસ્ટ ઝોન જુનિયર નેશનલ એથ્લેટિક ચેમ્પિયનશિપ ૨૦૨૪માં ૨૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ઉના દીવ ટાઈમ્સના તંત્રી માવજીભાઈ વાઢેરની પુત્રી દીક્ષિકાબેન વાઢેરે ૨૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગુજરાત દેલવાડા અને વાઢેર પરિવાર ગૌરવ વધાર્યુંએ બદલ સોમનાથ સાયન્સ એકેડેમીના વડા કરસનભાઈ સોલંકી, મેનેજર રણજીતભાઈ દાહિમાં તેમજ કોચ ગજાનંદ મિસ્ત્રી, દિનેશભાઈ વગેરે દિક્ષિકાબેનને શુભેચ્છા પાઠવી હતી.

## પૂજય મહંત સ્વામી મહારાજના સાનિધ્યમાં જૂનાગઢમાં અક્ષર મંદિર બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે શહેર સાંસ્કૃતિક દિન યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭ જૂનાગઢનાં આંગણે મોંઘેરા મહેમાન બનેલા મહંત સ્વામી મહારાજ સાથે અક્ષર મંદિર ખાતે સભા સ્થળે તેમની પ્રાતઃ પૂજા બાદ તેમનાં આપેલાં સૂત્ર 'ગુણાતીત ભાવે થવું અને બધાને ગુણાતીત ભાવે રંગવા' વિષેનો ગૂઢાર્થ, સંતોએ પૂછેલા પ્રશ્નોના જવાબમાં સમજાવ્યો હતો. આ સોનેરી સાંજે સભાના પ્રારંભે પ્રખ્યાત વક્તા અને લેખક પૂજ્ય આદર્શ જીવન સ્વામીએ 'જૂનાગઢ અને સ્વામિનારાયણ સંપ્રદાય' વિષય ઉપર માહિતીપ્રદ વક્તવ્ય આપ્યું હતું. આ સભામાં 'શહેર સાંસ્કૃતિક દિન' યોજાયો હતો. જેનો બીજ વિચાર 'ગિરનાર ડોલે ગિરનાર બોલે' રહ્યો હતો. પ્રાચીન પુરાણ કાળથી સોરઠની ધીંગી ધરતી ઉપર ચિરંજીવી જોગીની જેમ ધૂણી ધખાવીને બેઠેલો ગિરનાર, અનેક દેવ દેવીઓના સત્ અને ચરિત્રોનો, ઋષિમુનિઓનાં તપનો સાક્ષી છે. બી.એ.પી.એસના બાળ-યુવકો હરિભક્તો દ્વારા સભા મંચ ઉપર એવી સુંદર પ્રસ્તુતિ રજૂ થઈ હતી કે તે જ ગઢ ગિરનાર આજથી સવા બસ્સો વર્ષ પૂર્વે પ્રગટેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન જૂનાગઢ પધારેલા ત્યારે જૂનાગઢના નવાબ સહિત જૂનાગઢની પ્રજાએ તેમને આવકારીને તેમની હાથી ઉપર બેસાડીને નગરયાત્રા કાઢી હતી તેનો પણ સાક્ષી રહ્યો છે.

મંચ ઉપર પણ કૃત્રિમ હાથી ઉપર બિરાજેલ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ તથા ભક્તોના નાચ ગાન કરતા સંઘ દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાનની શોભાયાત્રાની સુંદર પ્રસ્તુતિ થઈ હતી અને ત્યારબાદ જૂનાગઢ શહેરમાં સ્વામિનારાયણ ભગવાનની ગુરૂ પરંપરામાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ તથા સાંપ્રતકાળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પ્રસંગોની આંખ્યો દેખી ગાથાનો ઈતિહાસ ગિરનાર પરિવેશમાં યુવક અને અન્ય યુવા-બાળકોના સંવાદ અને સુંદર નૃત્ય દ્વારા કરાઈ હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પ્રશ્ન દ્વારા તેમના ગુરૂ યોગીજી મહારાજની જૂનાગઢ ખાતેની સ્મૃતિઓ પણ તાજી કરાઈ હતી. અંત ભાગમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને હારતોરાથી વધાવીને ઠાકોરજીની આરતી ઉતારાઈ હતી.

## જૂનાગઢ : વાઘેશ્વરી મંદિર નજીક ફુલ વેચવા બાબતે બે ભાઈઓમાં મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭ જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં આવેલ વાઘેશ્વરી મંદિર નજીક ફુલ વેચવાના મનદુઃખે બંને ભાઈઓ વચ્ચે છુટા પથ્થર અને છરી વડે મારામારી થતા ભવનાથ પોલીસ મથકે સામસામી મારામારીની ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભવનાથ થાણે મનોજભાઈ માનસીંગભાઈ મકવાણાએ રણજીતભાઈ માનસીંગભાઈ મકવાણા અને સવીતાબેન રણજીતભાઈ મકવાણા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આરોપી અને ફરીયાદી બંને ભાઈઓ થતા હોય અને વાઘેશ્વરી મંદિર નજીક ફુલ વેચવા બાબતે મનદુઃખ રાખી આરોપી રણજીતે ફરીયાદીને છુટા પથ્થરનો ઘા માથાના ભાગે મારી ગાળાગાળી કરી આરોપી સવીતાબેને સાહેદ તથા ફરીયાદીને ઢીકાપાટુનો મારમાર્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે રણજીતભાઈ માનસીંગભાઈ મકવાણાએ મનોજભાઈ માનસીંગભાઈ મકવાણા અને કિરણબેન મનોજભાઈ મકવાણા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, વાઘેશ્વર મંદિર નજીક ફુલ વેચવા બાબતનું મનદુઃખે રાખી આરોપી મનોજે ફરીયાદીને છરી વડે માથાના ભાગે ચરકો મારી, બંને આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢના તળાવ દરવાજા નજીક રીક્ષામાંથી ૫૦ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭ જૂનાગઢ શહેરના તળાવા દરવાજા નજીક રીક્ષામાંથી ૫૦ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે તળાવ દરવાજા વિસ્તાર નજીકથી મકસુદ ઈકબાલ બાબીને રીક્ષામાં રાખેલ ૫૦ બોટલ વિદેશી દારૂની નાની મોટી બોટલો કિ.રૂા.૧૨૭૩૦ સાથે ઝડપી લઈ વધુ પુછપરછ કરતા આ દારૂ ભરી આપનાર મયુર કરણાભાઈ ભારાઈ અને દારૂ લેનાર સમીર હનીફ બ્લોચના નામો ખુલતા પોલીસે ૩ આરોપીઓએ વિરૂધ્ધ પ્રોહીબીશન અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માણાવદરમાં ચડી બનીયાનધારી ટોળકી ત્રાટકી : ૫૪ હજારની ચોરી

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૭ માણાવદરના જૂનાગઢ રોડ પર આવેલ દવા એગ્રોની દુકાન તથા સ્વામી મંદિર ખાતે ચડી બનીયાનધારી ૪ થી ૫ શખ્સોની ટોળકી ત્રાટકી ચોરી કરી હતી. પોલીસે ફુટેજ હાલ કબ્જે કરી એફએસએલ તથા ડોગ સ્કવોર્ડ દ્વારા સઘન તપાસ હાથ ધરાયાનું ઈન્ચાર્જ પીએસઆઈ વાળએ જણાવ્યું છે. આ ચોરોએ સ્વામી મંદીરમાંથી ૧૨ હજાર જેટલી રકમ તથા એગ્રો સેન્ટરમાં ૪૨ હજારની ચોરી થયાની હાલ નોંધ કરાય છે. આ હાઈવે વિસ્તાર આમતો ગામથી બહાર દુર આવેલ છે. ઓછી અવર જવર રાત્રીના હોય જેથી તસ્કરોએ આ બંને સ્થળોને નીશાન બનાવ્યા

-:: ટૂંકી મુદતની નિવિદા નં.૦૧/૨૦૨૪-૨૫ ::-

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા. અને મ.પેટા વિભાગ-૨,ગાંધીચોક, જુનાગઢ (ફોન.નં.૦૨૮૫-૨૬૨૪૭૨૬) કચેરી હસ્તકનાં ચાર (૪) રોડનાં વિગતવાર ટેસ્ટીંગ તથા નક્શા-અંદાજો અત્રેની કચેરીનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કરવાના ભાવો માન્ય ઈજારદાર પાસેથી, જાહેરાત પ્રસિધ્ધ થયાનાં દિન-૭ માં અત્રેની કચેરીએ તાત્કાલિક ધોરણે આર.પી.એ.ડી દ્વારા મંગાવવામાં આવે છે. ભાવો બીડ કરી રજુ કરવાની ટેન્ડર કોપી કચેરી સમય દરમિયાન રૂ.૬૦૦ નું ચલણ ભરીને મેળવી શકાશે. આ કામ અંગેની વધુ વિગતો કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. જે અંગે વધુ વિગતો માટે કામકાજનાં દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક કરવો.

માહિતી/જૂના/૫૦૦/૨૦૨૪


ગુજરાત સરકાર
વિકાસ સપ્તાહ
ભારતના માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી
શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 વર્ષ પહેલાં
7 ઑક્ટોબર 2001ના રોજ પ્રથમવાર
મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
23 વર્ષ...
સફળ અને સક્ષમ નેતૃત્વના
24 કલાક વીજળીની સંકલ્પના થઈ સાકાર
ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃતથી થઈ રહ્યું છે ગુજરાત વિકસિત
ગરબા, ધોરડો અને સ્મૃતિવન થયાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત
સૌથી ઊંચા સ્ટેચ્યુ, સૌથી મોટા સ્ટેડિયમથી બન્યાં ગૌરવાન્વિત
ગિફ્ટ, ડાયમંડ બુર્સ અને ધોલેરા બની રહ્યા છે વિકાસના નિમિત્ત
રિન્યુએબલ ઊર્જાના પર્યાય તરીકે સ્થાપિત
દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત
પ્રો-પીપલ ગવર્નન્સ, પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકે સંસ્થાપિત
વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત છે સમર્પિત